No Pages to Display

# બાળવાર્તા

## ભાગ ચોથો


સંપાદક : **ગિજુભાઈ**
ચિત્રકાર : **સોમાલાલ શાહ**



: પ્રાપ્તિસ્થાન :

**સંસ્કાર સાહિત્ય મંદિર**

પ્લોટ નં. ૧૯૨૫, રૂપાણી દીવડી પાસે,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

પ્રકાશક
વિમુબેન બધેકા
દક્ષિણામૂર્તિ, બાલમંદિર
ભાવનગર.

પ્રથમ મુદ્રણ : સપ્ટેમ્બર, ૧૯૨૯
પુનર્મુદ્રણ - માર્ચ - ૧૯૯૮

મુદ્રક
સુમિત પ્રિન્ટર્સ
ડી. એસ. પી. ઓફિસ પાસે,
કાશીવિશ્વનાથ મંદિરની બાજુમાં,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

# બાળવાર્તા

## શ્રેણી ચોથી

# અનુક્રમણિકા

ક્રમ | વિગત | પૃષ્ઠ


૧. ટગટગ જોસ ત્યારે તે વળે જ ખાવી'તી ના ?......૧
૨. વહતા ભાભાની વાર્તા.......... ..........૪
૩. સાંભળો છો દળભંજનજી ?...............૭
૪. કેડ કંદોરો ને કાછડી - અમે ત્રણ જણા..........૧૧
૫. દેવલાં રે દેવલાં...................૧૩
૬. વાદીલો હજામ...................૧૬
૭. 'લખ્યા બારું' ની વાર્તા...................૨૧
૮. દો બાઘ, દો બાઘનિયાં.................૨૫
૯. સાત મૂરખાઓની વાર્તા...................૨૯
૧૦. ભણેલો ભટ.......................૪૨
૧૧. ભોળો ભટ.......................૪૫
૧૨. હજામ અને બાંડો વાઘ...................૫૦
૧૩. ડોશી અને ચાર દીકરા...................૫૪
૧૪. કરતા હો સો કીજીએ...................૫૮
૧૫. હોરો ને હોરી.......................૬૦
૧૬. ''વખત બેવખત''.......................૬૩
૧૭. નંદના ફંદ ગોવિંદ જાણે...................૬૬
૧૮. ચાંદાભાઈનું ચાંદરણું...................૬૯
૧૯. અગ્રે અગ્રે વિપ્ર.......................૭૨
૨૦. લોભી દરજીની વાર્તા...................૭૫
૨૧. ખેતલીની વાર્તા.......................૭૭
૨૨. ઘી ચોર્યે, ઘી ચોર્યે, સ્વાહા...................૮૨
૨૩. પાંચ પાલીની ખીરની વાર્તા...................૮૫
૨૪. માના દેગમશી.......................૮૮
૨૫. ગુડાગુડાંની વાર્તા.......................૯૨
૨૬. અઘરા શબ્દોના અર્થ.......................૯૬

# બા ળ વા ર્તા

## શ્રેણી ચોથી

○ □ ○

## ટગાટગા જોસ ત્યારે

## તે વળો જ ખાવી'તી ના ?



એક હતી ભેંશ અને એક હતી ચકલી. ચકલી અને ભેંશ ભાઈબંધ હતાં. ચકલી રોજ ભેંશ ઉપર બેસે અને ભેંશના વાંસા પર ચરકે.

એક દિવસ ભેંશ કહે : 'ચકીબેન, ચકીબેન ! તમે રોજ મારા પર ચરકો છો તો મને એકવાર તમારા પર ચરકવા દ્યો ને ?'

ચકલી કહે : 'ના કોણ પાડે છે ? ચરકોને ખુશીથી ! હું તો તૈયાર જ છું.'

ભેંશ કહે : 'ત્યારે બેસી જા મારા પૂંછડા પાસે; હમણાં જ હું તારા ઉપર ચરકીશ.'

પછી ચકલી પૂંછડા પાસે બેઠી એટલે ભેંશબાઈએ તો ફદફદ કરીને એક મોટો જબરો પોદળો કર્યો. ચકીબાઈ તો છાણમાં દટાઈ ગયાં. છાણમાં તો દટાયાં પણ એક ચાંચ અને બે આંખો બહાર દેખાતી રહી. ત્યાં એક વાંદરો નીકળ્યો. વાંદરાને જોઈને ચકલીએ કહ્યું : 'વાંદરાભાઈ, વાંદરાભાઈ, મને આમાંથી કાઢો?'

વાંદરો કહે : 'કાઢું તો ખરો, પણ પછી તને ખાઈશ.'

ચકલી કહે : 'ઠીક; ભલે પછી ખાજો.'

વાંદરાએ તો ચકલીને બહાર કાઢી. વાંદરો જ્યાં ચકલીને ખાવા જાય ત્યાં ચકલીએ કહ્યું : 'વાંદરાંભાઈ! જરા ઊભા રહો. હું છાણવાળી છું એટલે ગંદી છું; મને એમ ને એમ ન ખવાય. પહેલાં મને ધોઈ નાખો અને પછી મને ખાજો.'

વાંદરો તો નદીએ ગયો અને ચકલીને ધોઈ નાખી પછી જ્યાં વાંદરો ચકલીને ખાવા જાય ત્યાં વળી ચકલીએ કહ્યું : 'ઊભા રહો ઊભા રહો, વાંદરાભાઈ! હજી હું તો ભીની છું મને એમ ને એમ તે ખવાય? પહેલાં મને તડકે સૂકવો, ને પછી મને ખાજો.



વાંદરે તો ચકલીબાઈને તડકે સૂકવી. થોડી વાર થઈ ત્યાં તો ચકલીની પાંખો સૂકાઈ ગઈ એટલે ચકલીબાઈ તો પાંખો ફફડાવીને ઊડી ગયા ને સામેના એક ઝાડ ઉપર જઈને બેઠાં.

વાંદરો તો તેના સામું ટગટગ જોવા લાગ્યો. ચકલીએ પછી કહ્યું : 'ટગટગ જોસ ત્યારે તે વળેં જ ખાવી'તી ના?'

આમ કહીને ચકલી ઊડી ગઈ.

# વહતા ભાભાની વાર્તા

: ૧ :

એક નાનું એવું હતું ગામડું. એમાં બધાય માણસો અજડ; કંઈ સમજેય નહિ ને સૂઝેય નહિ. એકેય ચીજને ઓળખેય નહિ ને કોઈનું નામેય ન આવડે.

એક વખત ચોમાસામાં એક માણસના ફળિયામાં દેડકું આવ્યું.

જન્મારામાં દેડકું કોઈએ દીઠેલું નહિ, એટલે આખા ગામના માણસો એકઠા મળ્યા અને વાંકા વળીને નીરખી નીરખીને સહુ જોવા લાગ્યા.

એ શું હશે તે વળી કોઈ કળી ન શક્યું ત્યારે બહુ વારે સૌ બોલ્યા : 'આ તે શું હશે માળું?'

એક કહે : 'હરણ હશે, હરણ'

ત્યારે બીજો કહે : 'અરે ભાઈ? એ તો બગલું હશે, બગલું તમને શી ખબર પડે?'

ત્યાં વળી ત્રીજો કહે : 'અરે ભાઈ! વગર વિચાર્યે કાં બોલો? એ તો ભાઈ શિયાળ હશે શિયાળ. સોમાસું છે એટલે વગડામાંથી આવીય ચડે.'

ત્યાં તો એકે કહ્યું : 'અરે ભાઈ! બોલાવો ને આપણા વહતા ભાભાને! જેવું હશે એવું કહેશે. એ ઘરડું

માણસ છે. એણે બધું જોયું જાણ્યું હશે. આપણે તે શું સમજીએ ?'



સૌ વહતા ભાભાને બોલાવવા દોડ્યા.

વહતા ભાભા તો રાડો નાખતા આવ્યા : ''અલ્યાઓ, હવે તો કંઈ શીખો ? આખો જન્મારો હું કંઈ બેસી રહેવાનો છું, તે તમને બધું કહ્યા કરીશ ?'

વહતા ભાભા દેડકા પાસે આવ્યા અને આંખ આગળ હાથ લઈ જઈને દેડકું બરાબર જોઈને ધીરે રહી બોલ્યા : 'ઓહો ! આમાં તે શું ? નાખો ને ચપટી દાણા; ચણે તો ચકલું, નહિ તો મોર તો ખરો !'

: ૨ :

એ ગામને નાનો એવો ગઢ હતો. એને એક દરવાજો હતો. એક વખત રાતવેળાએ એક હાથી આવ્યો અને બારણામાં ભરાઈ ગયો. સવાર થયું ત્યાં તો સૌએ બારણામાં અંધારું જોયું. સૌ કહે : 'અરે આ તે શું થયું ? સવાર થયું તોય હજી બારણામાં આટલું બધું અંધારું ?'

કોઈ કહે : 'અરે ભાઈ! એ તો મેંશનો ઢગલો છે.'

કોઈ કહે : 'ના રે ના, એ તો વાદળાંનો પડછાયો છે.'

ત્યાં વળી એક જણે કહ્યું : 'બોલાવોને વહતા ભાભાને? એ જે હશે તે કે'શે.'

વહતા ભાભા વળી રાડો નાખતા નાખતા અને ડાંગ પછાડતા પછાડતા આવ્યા.

આંખે હાથ દઈને ધારીધારીને જોઈને વહતા ભાભા કહે : 'ઓહો! આમાં તે શું છે? આ તો રાતનો ઘોહો ભરાયો છે. જોતા નથી અંધારૂ છે ઈ? આ બે ઝગમગ થાય છે, એમાં એક છે ચાંદો ને એક છે સૂરજ!'

સૌ સમજી ગયા અને રસ્તે પડ્યા.

# સાંભળો છો દળભંજનજી ?

એક હતો શિયાળ અને એક હતી શિયાળ્ય. શિયાળ્યને વિયાવાનો વખત થયો એટલે શિયાળને કહે : 'મારે વિયાવું છે. ક્યાંઈક 'બખોલફખોલ શોધી કાઢો.'

શિયાળ તો શિયાળ્યને સાવજની બોડ પાસે લઈ ગયો ને કહે : 'લે, આ બોડ છે. એમા વિયા.'

શિયાળ્ય કહે : 'પણ આ સાવજની બોડ છે એમાં તે કેમ રહેવાય? સાવજ આવે તો આપણને અને બચ્ચાને ખાઈ જ જાય ના?'

શિયાળ કહે : 'એનું તારે શું કામ છે? તું તારે બોડમાં વિયા. ને હું કહું છું તેમ કરીશ તો વાંધો નહિ આવે.'

શિયાળ્ય તો બોડમાં વિયાઈ. રૂપાળાં નાનાં નાનાં બચ્ચાં આવ્યાં.

થોડી વાર થઈ ત્યાં તો સાવજ આવતો દેખાયો. શિયાળ બોડને મોઢે જ બેઠો હતો. સાવજ બોડની પાસે આવ્યો ત્યાં તો પહેલાં ગોઠવણ કરી રાખી હતી તે મુજબ બેઉ જણાં વાતો કરવા લાગ્યાં.

'સાંભળો છો દળભંજનજી ?'
'શું કહો છો આગવરજાળજી ?'
'બચડાં શા માટે રૂએ છે ?'
'સાવજના કાળજા માટે.'

આ સાંભળી સાવજ ચમક્યો. ત્યાં તો વળી શિયાળ બોલ્યો : 'આ આવે સાવજ. હમણાં જ એનું કાળજું લાવું છું.'

સિંહના મનમાં એમ થયું : 'જરૂર, મારા કરતાંએ કોઈ મોટો બોડમાં આવીને બેઠો છે. એનાં બચ્ચાં મારા કાળજા માટે રુએ છે, ત્યારે એ તો કોણ જાણે કેવોય મોટો હશે!'

સિંહ તો ઊભી પૂંછડીએ નાઠો.

રસ્તામાં વાંદરજી મળ્યા. વાંદર કહે : 'સિંહભાઈ, સિંહભાઈ! આમ હાંફળા ફાંફળા ક્યાં ભાગ્યા?'



સાવજ કહે : 'ભાઈ! મારી બોડમાં કો'ક આવ્યું છે. ને એના બચ્ચાં મારા કાળજા માટે રુએ છે. કો'ક ભારે લાગે છે. હું તો જીવ લઈને ભાગ્યો છું.'

વાંદરો કહે : 'એવું તે હોય? સાવજથી કોણ મોટું છે? ચાલો આપણે તપાસ કરીએ.'

સાવજ કહે : 'ના રે ભાઈ, મારે તો તપાસ નથી કરવી.'



વાંદરો કહે : 'ચાલો તો ખરા! ત્યાં તો શિયાળ્ય વિયાઈ છે. મને ખબર છે તો!'

સાવજ કહે : 'ના રે બાપુ! મારે તો નથી આવવું.'

વાંદરો કહે : 'એમાં બીવાનું કશું જ નથી. તમને ખાતરી ન થતી હોય તો આવો, આપણે આપણી પૂછડીઓ બાંધીને પછી સાથે સાથે જઈએ.

સિંહ અને વાંદરો પછી પૂંછડાં બાંધીને ચાલ્યા.

આઘેથી સિંહ ને વાંદરાને આવતા જોઈને વળી શિયાળ બોલ્યો : 'સાંભળો છો, દળભંજનજી ?

અંદરથી જવાબ મળ્યો : 'શું કહો છો, આગવરજાળજી ?'

શિયાળે ફરીવાર પૂછ્યું : 'બચડાં શા માટે રુએ છે ?'

બોડમાંથી શિયાળ્ય બોલી : 'સાવજના કાળજા માટે.'

શિયાળે મોટા સાદે કહ્યું :

'વાંદરો ભાઈબંધ આવે છે;
ને સાવજનાં કાળજાં લાવે છે;
વાંદરો ભાઈબંધ આવે છે,
ને સાવજના કાળજાં લાવે છે.'

સાવજ કહે : 'માર્યા ? આ વાંદરો તો એનો ભાઈબંધ લાગે છે, ને ફોસલાવીને મરાવી નાખવા લઈ જાય છે. !'

પછી તો સિંહ ભાગ્યો. વાંદરો પાછળ જાય ઢસરડાતો ! વાંદરો શું કરે ? સિંહની પૂંછડી સાથે પોતે પૂંછડી બાંધી હતી એટલે ક્યાં જાય ?

મોઢા આગળ સિંહ ને પાછળ વાંદરો : આઘે આઘે ક્યાંઈ ચાલ્યા ગયા.

શિયાળ અને શિયાળ્ય બોડમાં નિરાંને રહ્યા; ને ખાધું, પીધું ને મજા કરી.

# કેડ કંદોરો ને કાછડી –
# અમે ત્રણ જણા

એક હતો વાણિયો.

તે એક વાર ગામ જતો હતો.



રસ્તે તેને ચાર ચોર મળ્યા. દૂરથી ચાર ચોરને જોઈને વાણિયાભાઈએ વિચાર કર્યો કે કંઈક યુક્તિ કરીને ચોરને ઠગવા જોઈએ. નહિતર આપણે છીએ એકલા ને ચોર છે ચાર; થપાટ મારીને જો લઈ જશે તો આપણાથી કાંઈ બોલાશે નહિ.

એટલામાં ચોર નજીક આવી પહોંચ્યા. વાણિયો તો ચોરને જોઈને હેઠે બેસી ગયો અને બોલવા લાગ્યો: 'મારી સાથે બાર જણા છે, પણ આવ્યા નહિ. હું તો વાટ જોઈને થાકયો. થોડી વાર બેસીને હું તો જઈશ; એને માટે તે હું ક્યાં સુધી બેસી રહું?

ચોરોએ વાણિયાને બોલતો સાંભળીને પૂછ્યું : 'અલ્યા, બાર જણા તે કોણ છે?'

વાણિયે કહ્યું :

'કેડ, કંદોરો ને કાછડી, અમે ત્રણ જણા;
તેલ પળી ને તાંબળી, અમે છ જણા;
ડાંગ, ડોસો ને લાકડી, અમે નવ જણા;
શેઠ, વાણિયો ને હાટડી, અમે બાર જણા.'

ચોરો તો આ સાંભળીને ઘા જ ખાઈ ગયા. તેઓએ માન્યું કે આ તો બાર જણા છે, અને આપણે છીએ ચાર જણા, એટલે ફાવશું નહિ.

આમ વિચારી તેઓ ચાલ્યા ગયા ને યુક્તિબાજ વાણિયો ઘરભેગો થઈ ગયો.

## દેવલાં રે દેવલાં

એક ઘણી જ ગરીબ ડોશી હતી. દરણાં દળી અને સીવણ સીવીને માંડ માંડ પેટ ભરે.

તેને બે છોકરા હતા. એક દિવસ બાર માસનું પરબ દિવાળી આવી. ડોશી વિચારમાં પડી : 'ઘરમાં કંઈ છે તો નહિ; ત્યારે છોકરાં માટે શું કરવું?'

છોકરાઓ પણ કહેવા લાગ્યા : 'માડી, માડી! સૌને ઘેર સારું સારું ખાવાનું થાય છે, ત્યારે આપણે ત્યાં પણ કંઈક કરો ને?'

ડોશીએ કહ્યું : 'ઠીક, બાપુ કંઈક કરશું, હો!'

ડોશીએ તો ઘરમાં થોડાક ઘઉં હતા તેની શેવ કરી અને દિવાળીની સવારે ઓસાવી. ડોશીએ તો શેવ ઓસાવી પણ હડફામાં જુએ તો ઘી-ગોળ ન મળે!



ડોશી તો સાડલાને છેડે બેએક આનાના પૈસા બાંધ્યા હતા તે લઈ બજારે ઘી-ગોળ લેવા ગઈ. જતાં જતાં ડોશી કહેતી ગઈ : 'છોકરાઓ! હમણાં શેવ ખાશો મા.

હું ઘી ને ગોળ લઈ આવું છું; પછી દેવને ધરાવીને ખાજો.'

બાળકો કહે : 'ઠીક માંડી !'

ડોશી તો બજારે ગઈ. છોકરાઓ ઘી-ગોળની રાહ જોતા શેવની તપેલી પાસે બેઠા. એટલામાં એક કાળિયો કૂતરો આવ્યો અને તપેલીમાંથી લટપટ પૂંછડી હલાવતો હલાવતો શેવ ખાવા લાગ્યો. બાળકોએ જાણ્યું કે માએ કહેલા તે આ દેવ હશે, પણ છોકરાને માએ કહેલું કે ઘી-ગોળ આવે પછી દેવને ધરાવશું. એટલે તેઓ બોલવા લાગ્યા :--

'દેવલા !
દેવલાને ભાવે શેવલાં;
દેવલાં પૂછડિયાં હલાવે
ઊભા રહો ને દેવલાં !
મારી મા ઘી-ગોળ લાવે.'

કૂતરો તો શેવ ખાઈ ચાલ્યો ગયો.

બાળકો બિચારાં મોં વકાસી માની રાહ જોતાં બેઠાં. મા આવીને તપેલી જુએ તો તેમાં શેવ ન મળે !

માએ પૂછ્યું : 'બેટાઓ ! ઉતાવળાં થઈ ઘી--ગોળ વિના શેવ કેમ ખાઈ ગયા ?'

છોકરાઓ કહે : 'માડી ! અમે નથી ખાધી. એ

તો દેવ આવ્યા હતા તે અમે એમને ઘણીયે ના પડી પણ ખાઈ ગયા.'

તપાસ કરતાં માલુમ પડ્યું કે શેવ તો કૂતરું ખાઈ ગયું હતું. ઘરમાં બીજી શેવ ન હતી એટલે માની આંખમાં આસું ભરાઈ આવ્યાં; છોકરા ન દેખે તેમ માએ તે લૂછ્યાં.

પછી ઊટકવા માટે ડોશી તપેલી લેવા જાય છે ત્યાં તો તપેલી શેવથી ભરાઈ ગયેલી હતી ! ડોશીએ અંતરથી પ્રભુનો ઉપકાર માની બાળકોને શેવ ને ઘી-ગોળ ખવરાવ્યાં.

# વાદીલો હજામ

એક બ્રાહ્મણ હતો. એના પડોશમાં એક હજામ રહે. હજામને એવી ટેવ કે બ્રાહ્મણ જે કરે તે કરવું. બ્રાહ્મણ નહાય. ધુએ, પાઠપૂજા ને સંધ્યામાળા કરે, તો હજામ પણ એવું કરે; બ્રાહ્મણ ટીલાંટપકાં કરે તો હજામભાઈ પણ કરે. આમ તે બ્રાહ્મણનો વાદ કરી બ્રાહ્મણને ચીડવે.

બ્રાહ્મણે વિચાર કર્યો કે આ વાદીલા હજામને કોઈ વાર પાંસરો કરવો જોઈએ.

એમ કરતાં કરતાં દિવાળી આવી. એ વખતે પણ બ્રાહ્મણ જેમ કરવા લાગ્યો તેમ હજામ પણ કરવા લાગ્યો.

બ્રાહ્મણ કહે : 'હવે ઘાટ ઘડીએ.'

બ્રાહ્મણે તો પોતાની સ્ત્રીને ખાનગીમાં બોલાવીને કહ્યું : 'જો, આ હજામ રોજ મારા ચાળા પાડે છે અને મને ચીડવે છે; માટે એને સીધો કરવા મેં એક યુક્તિ કરી છે. હું તને આજે સાંજે કહીશ : ''આજે આપણે બધાંએ રાત્રે બાર વાગે નાક કાપી નાખવાં છે અને આવતી કાલે નવા નાકે દિવાળી કરવી છે.'' તારે કહેવું : ''ઓહો ! નવા નાકે દિવાળી તો આપણે દર વરસે કરીએ છીએ પણ આ વરસે પણ બહુ મજા પડશે.

રાત્રે વાળુ કર્યા પછી સૂતાં સૂતાં બ્રાહ્મણે બ્રાહ્મણીને કહ્યું : 'અલી સાંભળે છે કે ? કાલે છે દિવાળી એટલે

આપણે બધાંએ નવાં નાકે દિવાળી કરવાની છે. આજે રાતે બાર વાગે તમારાં બધાંનાં નાક કાપી નાખશું અને સવારે રૂપાળાં નવા નાક આવશે. માટે સૌ તૈયાર થઈ રહેજો. સમજ્યાં કે ?'

બ્રાહ્મણી કહે : 'બહુ સારું,; અમે તો તૈયાર જ છીએ. નવા નાકે દિવાળી કરવાની બહુ મજા આવશે.

બ્રાહ્મણ ઉપલી વાત તેની સ્ત્રીને ખાનગીમાં કહેવાનો ડોળ કરતો હતો, પણ જાણી જોઈને એટલું બધું મોટેથી બોલતો હતો કે હજામ સાંભળે.

હજામભાઈ પૂરેપૂરા વાદીલા એટલે એ મનમાં કહે : 'ફિકર નહિ; આપણે સાંભળી ગયા છીએ. બ્રાહ્મણભાઈ નવા નાકે દિવાળી કરશે તો આપણે પણ કરવાના. બ્રાહ્મણને તો કોઈકનો અસ્ત્રોય માગી લાવવો પડશે. પણ મારી પાસે તો આ રહ્યો, ખાસો મજાનો ! કાલે જ સજાવીને આણ્યો છે. વળી બ્રાહ્મણ કરતાં મને નાક કાપતાં પણ બહુ સારી રીતે આવડશે, એટલે બ્રાહ્મણને ત્યાં સૌને નવાં નાક આવશે એના કરતાં મારે ત્યાં વધારે સારાં નાક આવશે.'

સૌ સૂઈ ગયાં.

મધરાત થઈ ત્યાં તો બ્રાહ્મણ જાગ્યો અને ખાટલામાં સૂતો સૂતો બ્રાહ્મણીને કહે : 'એલી આમ આવ્ય, આમ. મારે તારું નાક કાપવું છે.'

બ્રાહ્મણી પણ ખાટલામાં સૂતી સૂતી જ બોલી : 'લ્યો આ આવી : કાપો હવે નાક.'

તુરત જ બ્રાહ્મણી જાણે કે નાક કપાયું હોય તેમ 'ઓય વોય ! ઓય વોય !' કરી બૂમો પાડવા લાગી.

બ્રાહ્મણ સૂતો સૂતો જ કહે : 'લે હવે રો મા, રોમા; પાટો બાંધું. સવારે બીજું સારું નાક આવશે.'

બ્રાહ્મણી ઉં ઉં કરતી સૂઈ ગઈ. પછી બ્રાહ્મણે ઉપર પ્રમાણે પોતાનાં છોકરાંનાં નાંક કાપવાનો ઢોંગ કર્યો. સૌ ઉં ઉં કરતાં થોડી વારે શાંત પડી સૂઈ ગયાં.

હવે પેલો હજામ નાક કાપવા તૈયાર થયો. તેણે મનમાં વિચાર્યું : 'બ્રાહ્મણે તો સૌનાં નાક કાપ્યાં એટલે હવે આપણે પણ કાપવાં જ જોઈએ.'

હજામે કોથળીમાંથી નવો સજેલો પાણીદાર અસ્ત્રો કાઢયો અને હળવે હળવે તેની સ્ત્રીના ખાટલા પાસે જઈ સ્ત્રીનું નાક હફ દઈને કાપી નાખ્યું.

તેની સ્ત્રી તો ચીસેચીસ પાડતી પથારીમાંથી ઊઠી. પણ હજામે હાથ પકડીને કહ્યું : સૂઈ જા, સૂઈ જા લે પાટો બાંધું. સવારે બીજું સારું નાક આવશે. બ્રાહ્મણે હમણાં જ સૌના નાક કાપ્યાં. એ નવે નાકે દિવાળી કરે, તો આપણેય કરવી જોઈએ ના ?

હજામડીના નાકમાંથી લોહી જાય ભાગ્યું ! પણ કરે શું ?



પછી હજામે હોશિયારીથી પોતાનું નાક પણ ઉડાવી દીધું. હજામને પણ ખૂબ પીડા તો થઈ, પણ નવે નાકે દિવાળી કરવાની હોંશમાં ને હોંશમાં એ પણ નાકે પાટો બાંધી સૂતો.

સવાર પડી એટલે બ્રાહ્મણે બ્રાહ્મણીને તાણીને પૂછ્યું: 'કેમ સૌનાં નવાં નાક કેવાં આવ્યા છે?'

બધાં કહે : 'બહુ સારાં; બહુ સારાં!'

બ્રાહ્મણ કહે : 'કોઈને કશી પીડા તો નથી થઈ ના?'

સૌ કહે : 'ના રે! પીડા શાની? અમે તો નિરાંતે ઊંઘી ગયાં હતાં.'

સવાર પડી. સૂર્ય ઊગ્યો; તડકા થયા. પણ હજામ-હજામડીને નાક આવ્યાં નહિ.

હજામ તો વિચારમાં પડ્યો; પણ પાછું મન સાથે સમાધાન કર્યું : 'આપણે તો નાક મોડાં કાપ્યાં છે, એટલે કદાચ મોડાં આવશે, ને બ્રાહ્મણ કરતાં સારાં આવવાનાં એટલે જરા વાર તો લાગે જ ના!'

નવ વાગ્યા પણ હજામ હજામડીને નાક આવ્યાં નહિ ત્યાં તો રાજાનું માણસ હજામને તેડવા આવ્યું : 'માધા, એ માધા! અલ્યા, હજી કેમ નથી આવ્યો? બાપુ રાહ જોઈ બેઠા છે.'

માધો ગૂંગણો ગૂંગણો બોલ્યો : 'બાપુને કહો કે તમારા માધાએ નવા નાકે દિવાળી કરવા એનું નાક કાપ્યું છે, અને નવા નાકની રાહ જોઈને સૂતો છે. નવું નાક આવશે ત્યારે બાપુ પાસે આવશે.

હજામભાઈને નાક આવ્યું નહિ, અને ત્યારથી હજામભાઈ બ્રાહ્મણના ચાળા પાડવા ભૂલી ગયા.



## 'લખ્યા બારું' ની વાર્તા

એક હતો વાણિયો.

વાણિયો હતો ભલો, ભોળો ને સાજાગાંડો.

એક નાની એવી હાટડી રાખે, તેમાં દાળિયા, મમરા ને રેવડી, એવું એવું વેચે ને સાંજ પડયે પેટજોગું રળે.

એક વાર રાતે હાટડી બંધ કરી તે ઘેર જતો હતો.

ત્યાં રસ્તામાં તેને ચોર મળ્યા.

વાણિયો ચોરને કહે : 'અલ્યા, મોડી રાતે ઈ કોણ છે?'

ચોરો કહે : 'કેમ ભાઈ? અમે તો વેપારી છીએ. ટપારે છે શાનો?

વાણિયો કહે : 'અલ્યા પણ અત્યારે મોડી રાતે ક્યાં ચાલ્યા?'

ચોરો કહે : 'જઈએ છીએ તો માલ ખરીદવા.'

વાણિયો કહે : 'રોકડે કે ઉધાર?'

ચોરો કહે : 'રોકડેય નહિ ને ઉધારેય નહિ. પૈસા જ દીધા વિના.'

વાણિયો કહે : 'ત્યારે એ વેપાર બહુ સારો! મને તમારી સાથે લેશો?'

ચોરો કહે : 'ચાલ ને ભાઈ! તને ય તે લાભ તો થશે.'

વાણિયો કહે : 'એ તો ઠીક. પણ વેપાર કેમ કરવો એ તો સમજાવો?'

ચોરો કહે : 'લે, લખ કાગળમાં : કોઈના ઘરની પછીતે.'

વાણિયો કહે : 'લખ્યું : કોઈના ઘરની પછીતે.

ચોરો કહે : 'લખ : હળવે હળવે કાંણું પાડવું.'

વાણિયો કહે : 'લખ્યું : હળવે હળવે કાણું પાડવું.'

ચોરો કહે : 'ધીમે ધીમે ઘરમાં જવું.'

વાણિયો કહે : 'લખ્યું : ધીમે ધીમે ઘરમાં જવું.'

'લખ : જે જોઈએ તે ભેગું કરવું.'

વાણિયો કહે : 'લખ્યું : જે જોઈએ તે ભેગું કરવું.'

ચોરો કહે : 'ન ધણીને પૂછવું ને ન ધણીને પૈસા દેવા.'

વાણિયો કહે : 'લખ્યું : ન ધણીને પૂછવું ને ન ધણીને પૈસા દેવા.'

ચોરો કહે; 'લઈને ઘર ભેગા થઈ જવું.'

વાણિયો કહે : 'લખ્યુ ' લઈને ઘરભેગા થઈ જવુ '

વાણિયે તો કાગળમા બધુય લખીને કાગળ ખિસ્સામા નાખ્યો.

પછી બધા ચોરી કરવા ચાલ્યા

ચોરો એક ઘરમા ચોરી કરવા ગયા ને વાણિયો બીજાના ઘરમાં ચોરી કરવા ગયો

પછી વાણિયે બાકસ સળગાવી કાગળિયુ વાચ્યું તેમાં લખ્યું હતું :--

'કોઈના ઘરની પછીતે
હળવે હળવે કાણુ પાડવુ,
ધીમે ધીમે ઘરમા જવુ;
ન ધણીને પૂછવુ ને
ન ધણીને પૈસા દેવા;
લઈને ઘર ભેગા થઈ જવુ '

વાણિયે તો બરાબર કાગળ પ્રમાણે કર્યું. પહેલા પછીતે કાણુ પાડ્યું; પછી હળવે હળવે ઘરમા ગયો; પછી તેણે દીવાસળી સળગાવી દીવો કર્યો, પછી એક કોથળો શોધી તેમા પિત્તળના નાનામોટા વાસણો નિરાતે ભરવા લાગ્યો. એમ કરતા કરતાં એક મોટો તાસ હાથમાથી પડ્યો ને ખડખડાટ થયો. ઘરના બધાં માણસો જાગી ઊઠ્યા

બધાંએ 'ચોર, ચોર' કરી વાણિયાને પકડ્યો ને સૌ તેને મારા મારવા લાગ્યા.

વાણિયો તો વિચારમાં પડી ગયો. પણ માર ખાતાં ખાતાં પોતાના ખિસ્સામાંનું કાગળયું કાઢ્યું ને જેમતેમ વાંચી લીધું.

પછી તો તે જોસમાં આવી ગયો. બધા તેને મારવા લાગ્યા. પણ વાણિયો તો કૂદતો જાય ને બોલતો જાય :

'એ ભાઈ લખ્યા બારું;
એ ભાઈ લખ્યા બારું ! '



બધા વિચારમાં પડ્યા ને મારતાં અટકી જઈ એને કહે : 'એલા આ શું બોલે છે?'

વાણિયો કહે : 'લ્યો આ કાગળિયું. લખ્યું છે એમાં ક્યાંઈ માર ખાવાનું ? આ તો તમે લખ્યા બારું કરો છો !'

પછી સૌ આ વાત સમજી ગયાં ને વાણિયાને ઘરમાંથી કાઢી મૂક્યો.

# દો બાઘ, દો બાઘનિયાં

એક હતા મિયાંસા'બ.

એક વાર મિયાંસા'બને ગામ જવાનું થયું. બીબીએ ખંતથી ઢેબરાં કરી આપ્યાં. મિયાં તો ખંભે ભાતું લઈ ચાલી નીકળ્યા. રસ્તે ચાલતાં કોઈ કાઠીનો સથવારો થયો. બન્ને જણા ચાલવા લાગ્યા. થોડે દૂર ગયા ત્યાં મિયાં-સા'બે પૂછ્યું : 'ભાઈ! તુમારા નામ કયા?'

કાઠી કહે : 'મિયાંસા'બ! મારું નામ તો વાઘો.'

મિયાંસા'બ મનમાં જ બોલ્ય; 'સાલે! કાઠીભાઈ મેરેકુ ડરાતા હૈ.'

એટલામાં સામેથી કાઠીભાઈએ પૂછ્યું : 'હેં મિયાંસા'બ તમારું નામ શું?'

મિયાં કહે; 'હં....મેરા નામ? મેરા નામ તો દો બાઘ, દો બાઘનિયાં ઉપર દોદો કુકુ, ઓર ઉપર બિછુકા ટોકરા.'

કાઠીભાઈ મનમાં સમજ્યા: આ મિયાં ખાલી શેખી કરે છે. ઠીક છે; વખત આવ્યે ખબર પડશે.

ચાલતાં ચાલતાં બાવળની કાંટ આવી. બાવળની કાંટ એટલે ગીચ ઝાડી, ને વાઘવરુનો પાકે પાકો ભો.

મિયાંસા'બ કહે : 'દેખો ભાઈ! સાથે ચલના. યે કાંટ હે, જરા બીક લાગતી.'

કાઠી કહે : 'અરે મિયાંસા'બ ! હરકત નહિ, હરકત. અમારી સાથે ચલે આઓ.'

મિયાંની બહાદુરી કાઠી સમજી ગયો.

બંને જણા જરા આગળ ચાલ્યાં.

કાઠીએ જરા હસીને પૂછ્યું : મિયાંસા'બ જરા કહો તો તમારું નામ શું ? હું તો ભૂલી ગયો.'

મિયાંસા'બ જરા જરા મોળા તો પડી ગયા હતા, પણ ટટ્ટાર થઈને કહ્યું : 'દો બાઘ, દો બાઘનિયાં, ઉપર દો દો ફુફુ, ઓર ઉપર બિછુકા ટોકરા.'

કાઠી કહે : 'મિયાંસા'બ ! નામ બડા બહાદુર હૈ !'

એટલામાં દૂર એક વાઘ સૂતેલો દેખાયો.



કાઠી કહે : 'એ પણે વાઘ સૂતો.'

મિયાં કહે : 'ક્યા, બાઘ હૈ ? તો તો સાલે મર ગયા. ઓ ખુદા !'

કાઠી કહે : 'અરે મિયાસા'બ ! તુમ તો દો બાઘ, દો બાઘનિયાં. ક્યાં ક્યા, કુછ બિછુકા ટોકરા બોકરા તો હો ન ?

મિયા કહે : 'એ ભાઈસા'બ! મેં તો ટોકરાએ નહિ ને બોકરાએ નહિ. મેં તેરી ગૌવા હું ઈસમેસે બચાવ. મેરા સચ્ચા નામ તો મિયાં ફુસકી હૈ.'

ત્યાં તો વાઘ ઊઠયો ને સામે ધસ્યો. કાઠીએ તલવારનો એક ઘા કરી ઠાર કર્યો. મિયાં તો પાછે પગલે ક્યાંઈ ભાગી ગયેલા.

પાછા બન્ને આગળ ચાલ્યા. રસ્તે એક નદી આવી. બન્ને કહે : 'ચાલો, હવે ભાતાં ખાઈએ.'

કાઠી તો બિચારો ગરીબ હતો. પછેડીને છેડેથી જુવારનો રોટલો અને બે મરચાં હતાં તે કાઢીને બેઠો.

મિયાંભાઈ તો ઠીક હતાં, ને તેમાં વળી બીબીએ ખંતથી ઢેબરાં કરેલાં.

કાઠી તો જુવારનો રોટલો ચાવતો જાય. મરચું કરડતો જાય અને પાણીનો ઘૂંટડો પીતો જાય.

મિયાં તો કટકબટક ભાતું ટટકાવતા જાય ને બીબીનાં વખાણ કરતા જાય.

કાઠી તો જોઈ રહ્યો પણ શું કરે ?

ત્યાં તો મિયાંભાઈ બોલ્યા : 'અરે વાઘજી-ભાઈ! એસા તુમ ક્યા ખાતે હો? સાથે પાની ઘટકઘટક પીતે હો!'

કાઠી મનમાં કહે : 'હવે ઠીક લાગ છે. પછી કહે : 'મિયાંસા'બ ! એ તો હું ઘટકમેવાલા ખાઉં છું,'

મિયાં કહે : 'સાલે, ઘટકમેવાલા તો કભી નહિ ખાયા. અરે કાઠીભાઈ ! એસા કરો. યે મેરા ભાત તુમ લો, ઓર તુમારા એ ઘટકમેવાલા મેરેકુ દો.'

બેઉ જણાએ ભાતાની અદલાબદલી કરી. કાઠીભાઈ તો પોતાનું ભાતું જાણતા હતા. મિયાંના ઢેબરાં હાથમાં પડ્યાં કે ઝટપટ ઝાપટી ગયા ને પાણી પીને પેટે હાથ ફેરવવા લાગ્યા.

મિયાંભાઈ ઘટકમેવાલા ખાવા લાગ્યા; પણ એ જુવારનો સૂકો રોટલો ને મરચું કેમ ગળે ઊતરે ? માંડમાંડ મિયાંએ પાણી સાથે ગળે બેત્રણ બટકા ઉતાર્યા.

મિયાં કહે : 'અરે કાઠીભાઈ ! યે તમારા ઘટકમેવાલા તુમ રખો. મેરાં ઢેબરા પાછાં દો.'

કાઠી કહે : 'ઢેબરાં તો પેટમાં પડ્યાં, મિયાં ઘટકમેવાલા ખાવા હોય તો ખાવ નહિતર નદીમાં નાખો.

મિયાંભાઈનું મોં ઊતરી ગયું ને પાછા પડ્યા. પછી મિયાંભાઈ એને મારગે અને કાઠીભાઈ એને મારગે ચાલ્યા ગયા.

# સાત મૂરખાઓની વાર્તા

એક હતો ભરવાડનો છોકરો. તે રોજ ગાયો લઈને વગડામાં જાય. એક દિવસ વગડે જતો હતો ત્યાં રસ્તે એણે એક બ્રાહ્મણ જોયો. બ્રાહ્મણ ચપટી વગાડતો જાય ને 'રાધાકૃષ્ણ' 'રાધાકૃષ્ણ' એમ બોલતો જાય. ચપટી સાંભળીને ભરવાડના છોકરાને બહુ નવાઈ લાગી. કોઈ દિવસ એણે ચપટી સાંભળી હોય ત્યારે ના? છોકરે બ્રાહ્મણને કહ્યું : 'મહારાજ! ઈ તમે શું વગાડો છો?'

બ્રાહ્મણ જરા પહોંચેલો હતો. તે તરત જ પામી ગયો. કહે : 'અરે ભાઈ! એ તો મારી ફુલકી છે. એ તો મારી પાળેલી છે.'

છોકરા કહે : 'ત્યારે મને તમે તમારી ફુલકી આપો તો હું તમને મારી લીલાકડી ગાય આપું.'

બ્રાહ્મણે તો હા પાડવાની જ વાર હતી. ચટ લઈને એણે છોકરાને ચપટી વગાડતા શીખવી દીધું અને ગાય લઈને સમાના ભણી ગયો.

છોકરો તો હરખાતો હરખાતો ઘેર આવ્યો. ત્યાં ભાભો ફળિયા વચ્ચે ખાટલો નાખીને બેઠો હતો. હોશમાં ને હોશમાં છોકરો કહે : ભાભા, ભાભા! જુઓ તો ખરા? હું આપણી લીલકી ગાય આપીને આ ફુલકી લાવ્યો. સાંભળો તો ખરા દાદા! કેવી સારી સારી વાગે છે?'



ભાભો કંઈ છોકરામાંથી જાય તેવો ન હતો. તે કહે · 'હા! માળું આ ફુલકી તો બહુ ભારે દેખાય છે! ચટપટ વાગે છે ને પટપટ બોલે છે!'

નેસમાથી નાના મોટાં સૌ ફુલકી જોવા આવ્યા. છોકરાનો હરખ ક્યાંઈ માય નહિ.

વાળુનો વખત થયો એટલે છોકરો કહે : 'મારી! આ ફુલકીને ક્યા મૂકુ?'

મા કહે : 'મૂક પણે કુલડીમા. જો રહી પેલી કોઠી ઉપર સાચવીને મૂકજે, હો ભા!'

છોકરે તો હોશમા ને હોશમાં બમણુ ખાધુ. પણ હાથ ધોઈને જ્યા ફુલકી લેવા ગયો ત્યાં કુલડીમા ફુલકી ન મળે! છોકરાનુ મો પડી ગયુ. તે કહે . માડી, માડી! મારી ફુલકી ખોવાઈ ગઈ!'

ભાભો કહે 'ઘડીકમા ક્યા જાય! એ કુલડી જ એને ગળી ગઈ લાગે છે'

બધા કહે : 'તો કુલડીને તાવ્યે જ છૂટકો. એને તાવશુ ત્યારે જ ફુલકી પાછી આવશે.'

ફળિયામાં કરી મોટી તાપણી ને અંદર મૂકી કુલડી. મોટો તાપ થયો એટલે છોકરાના હાથ સૂકાઈ ગયા અને ચપટી પાછી વાગવા માંડી.

છોકરો કહે : 'હવે મારી ફુલકી આવી!'

સૌ રાજીના રેડ થઈ ગયાં.

: ૨ :

એક હતો કણબી. એ હતો મોટો મૂરખ. એક ખેડતાં આવડે ને બીજું ખાતાં આવડે. એક વાર એના ખેતરમાં ઘઉં ઘણા થયા. ખળામાં ઘઉં આવ્યા એટલે કોથળા ભરીભરીને તે સીવવા બેઠો. સીવતાં સીવતાં ઘઉંના ઢગલામાં સૂયો પડી ગયો ને ખોવાયો. સૂયો કણબીએ બહુ બહુ શોધ્યો પણ કેમે જડ્યો જ નહિ.

કણબી કહે : 'આ તો ભારે થઈ! હવે કોથળા સીવવા કેમ કરી? સૂયા વિના કેમ ચાલશે?'

એટલામાં એને એક વિચાર સૂઝ્યો. મનમાં ને મનમાં હરખાઈ ગયો ને કહે : 'હું કેવો મૂરખો કે મને એટલીય ખબર નથી પડતી!'

પટ લઈને એણે ગૂંજામાંથી ચકમક અને લોઢાનો કટકો કાઢ્યા ને દેવતા પાડીને એક કોળી રાડામાં મૂક્યો ને તાપણી કરી. પછી તો ઢગલો સળગ્યો ને થઈ મોટી હોળી.

ઘડીકમાં હડડડ કરતો ઘઉંનો ઢગલો બળી ગયો. કણબી કહે : 'ક્યારે આ રાખ ટાઢી પડે ને ક્યારે એમાંથી સૂયો ગોતું !'

બીજે દિવસે કણબીએ રાખ ઊપણી ત્યાં તો ખડિંગ દઈને સૂયો ભોંય ઉપર પડ્યો. સૂયો હાથમાં લઈને કણબીભાઈ મલકાતા મલકાતા કહે : હવે નિરાંત થઈ. હવે આ ઘડીએ બધાય કોથળા સીવી નાખું !'

: ૩ :

એક હતો ભૂતનો ભાઈ. વગડામાં રહે એટલે એણે કોઈ દિવસ દીવો ભાળેલ નહિ. એ એક વાર મોટા ગામમાં આવ્યો ને એક ભરવાડને ત્યાં ઊતાર્યો.

રાત પડી એટલે ભરવાડના ઘરમાં દીવો થયો. દીવો જોઈને તો ભાઈ વિચારમાં જ પડી ગયો તે કહે : 'માળું, આ ઝગમગિયું તે શું હશે? આવું તો મેં કોઈ દી દીઠું નો'તું. આ તો કંઈક નવી નવાઈનું લાગે છે ! પણ આ એવું સારું છે નાં કે મને કોઈ માગ્યું આપશે નહિ. ઠીક છે; રાત પડશે ને બધાં



જંપી જશે ત્યારે એને પેલી ખડની ગંજીમાં સંતાડી દઈશ ને સવારે જઈશ ત્યારે એમાંથી લેતો જઈશ.

સૌ સૂઈ ગયાં. હળવે હળવે ભરવાડ ઊઠ્યો ને કોઠલા પાસે ગયો પછી જાળવીને કોડિયાનો દીવો હાથમાં લીધો ને ધીરેથી ખડની ગંજીમાં મૂક્યો. પાછો કોઈ ને ખબર ન પડે એવી રીતે ખાટલામાં આવીને સૂઈ ગયો.

થોડી વાર થઈ ત્યાં તો મોટી જબરી હુતાશની પ્રગટી. ભરવાડભાઈ તો સળગતી ગંજી પાસે થઈને કંઈક શોધવા મંડ્યા. બધા કહે : 'એલા, ત્યાં શું ગોતે છે? આઘો રહે આઘો, નહિતર બળી જઈશ.'

ભરવાડ કહે : 'લે! ત્યાં મારું ઝગમગિયું છે. મેં એને સંતાડ્યું છે.'

બધાં કહે : 'અલ્યા ઝગમગિયું તે વળી કેવું?'

મૂરખો કહે : 'નોતું ઓલ્યું કોઠલા ઉપર? રાતે ઝગમગ ઝગમગ થતું'તું ને રૂપાળું રૂપાળું દેખાતું'તું?'

સૌ કહે : 'અરે ભૂંડા! ત્યારે એમ કહે ને? અમે ધાર્યું કે આગ કોણ લગાડી ગયું હશે?'

: ૪ :

એક હતો બ્રાહ્મણ અને એક હતી બ્રાહ્મણી. એક વાર રાતના એને ત્યાં ચોર આવ્યા. ખડખડાટ સાંભળી બ્રાહ્મણે બ્રાહ્મણીને કહ્યું : 'અલી! સાંભળે છે કે? ઘરમાં ચોર આવ્યા લાગે છે.'

બ્રાહ્મણી કહે : 'લાગે છે તો એમ જ. કહો તો રાડ પાડું ને પાડોશી બધાંને ભેગાં કરું.'

બ્રાહ્મણ કહે : 'ઊભી રહે. આપણે બ્રાહ્મણ રહ્યાં. મૂરત જોયા વિના કોઈ કામ આપણાથી ન થાય. મને ટીપણું કાઢવા દે ને જોવા દે કે આજે રાડ પાડવાનું મૂરત આવે છે કે નહિ?'

બ્રાહ્મણ ટીપણું જોવા લાગ્યો. બ્રાહ્મણી કહે : 'કેમ મૂરત આવે છે કે?'

બ્રાહ્મણ કહે : 'મૂરત એમ ક્યાં રેઢું પડ્યું છે! મુરત તો આવે છે આજથી છ મહિને. હવે છ મહિને વાત. હમણાં સૂઈ જઈએ.'

પછી ચોરભાઈને તો કશી ચિંતા રહે જ શાની? ઘર જાણીને નિરાંતે બધું લીધું.



છ મહિના વીતી ગયા. બ્રાહ્મણ કહે : 'આજ હવે વાત છે, લુચ્ચા ચોરોની ! આજે મૂરત આવે છે.'

મધરાત થઈ એટલે બ્રાહ્મણ અને બ્રાહ્મણીએ બૂમાબૂમ કરી મૂકી : 'દોડજો, દોડજો. ઘરમાં ચોર આવ્યો છે !'

ગરીબ બ્રાહ્મણનું ચોર ઉપાડી જશે એમ ધારીને આડોશીપાડોશી દોડયાં આવ્યાં અને પૂછવા લાગ્યાં : 'મહારાજ ! ચોર ક્યાં છે, ચોર ?'

મહારાજ કહે :'ચોર તો છ મહિના પહેલાં આવ્યો હતો આજ જાણ કરું છું.'

તેઓ કહે : 'પણ મહારાજ ! તમે તો મૂરખા લાગો છો. છ મહિને તે જાણ કરવાનું હોય ?'

બ્રાહ્મણ કહે : 'પણ બાપુ ! મુરત નો'તું આવતું તેનું કેમ ?'

: ૫ :

એક હતો કણબીનો છોકરો એ હતો અક્કલનો દુશ્મન.

એક વાર તે ખેતરથી ઘેર આવતો હતો. રસ્તામાં તેને એક ઘોડીવાળો મળ્યો. ઘોડી જોઈને છોકરાને તે લેવાનું મન થઈ ગયું. ઘોડીવાળાને તે કહે : અરે ભાઈ ! આ ઘોડીનું શું લઈશ ? તારે જે લેવું હોય તે લે પણ મને ઘોડી આપતો જા.'

ઘોડીવાળો કહે : 'છોકરા ! રૂપિયા પૂરા એક સો બેસશે.'

છોકરો કહે : 'સો રૂપિયા તો મારી પાસે નથી; પચાસ રૂપિયા છે.

ઘોડીવાળો કહે : 'ત્યારે બાપુ ! ઘરનો રસ્તો માપી લે. એમ તે કંઈ ઘોડી ઉપર બેસાતું હશે ?'

છોકરો કહે : 'પણ ભાઈ ! આપણે એમ કરીએ તો ? હું તને આ પચાસ રૂપિયા રોકડાં આપું ને બાકીના પચાસમાં તારી ઘોડી તને પાછી આપું. કેમ, એમ તને પાલવશે ના ?'

ઘોડીવાળાને વાત સમજાઈ ગઈ. તે કાંઈ ભલો માણસ તો ન જ હતો.

પચાસ રૂપિયા ને ઘોડી બંને લઈને નિરાંતે ચાલતો થયો.

પણ છોકરો તો ખુશ ખુશ થઈ ગયો. એ તો ડચકારા કરતો જાય અને ખોટું ખોટું ઘોડી હાંકતો જાય. એમ કરતો કરતો ઘેર આવ્યો.

ઘેર આવીને કહે : 'બાપા, બાપા ! મેં તો આજે ઘોડી લીધી.'

બાપા કહે : 'ક્યાં છે, ભાઈ ?'

છોકરો કહે : 'એ તો એમ થયું કે ઘોડી મેં સો

રૂપિયે ઠરાવી, પણ મારી પાસે તો પચાસ જ રૂપિયા હતા, એટલે મેં પચાસ રૂપિયા ઘોડીવાળાને ભરી દીધા ને બાકીના પચાસમાં એની ઘોડી જ એને પાછી દીધી. નાહકનું માથે દેવું માથે કોણ રાખે?

બાપ કહે? : 'વાહ બેટા! રંગ છે તારી અક્કલને!'

: ૬ :

એક હતો મૂરખો. એ એક વાર એની બહેનને ત્યાં ગયો. બહેને તો ભાઈને હોંશે કરીને ઢોકળાં ખવરાવ્યાં. ઢોકળાં ભાઈને બહુ જ ભાવ્યાં. તે બહેનને કહે : 'આનું નામ શું?'

બહેન કહે : 'ઢોકળાં.'

ભાઈએ વિચાર કર્યો કે ઘેર જઈને પહેલાં ઢોકળાં કરાવું ને ધરાઈને ખાઉં.

એ તો મનમાં 'ઢોકળા' 'ઢોકળા' એમ ગોખતો ગોખતો ચાલ્યો. એને ખાતરી હતી કે ગોખ્યા વિના બધું ભૂલી જ જવાશે.

રસ્તામાં એક નાનું એવું નહેરું આવ્યું. એને ટપ્યા વિના જવાય એવું ન હતું. ભાઈ ટપવાના વિચારમાં પડ્યા ને ટપી પણ ગયા. પણ મનમાં નવાઈ થઈ કે આ તે ટપ્યો! આ વિચારમાં એ તો ઢોકળાનું નામ ભૂલી ગયો ને તેને બદલે 'સબળ ટપ્યો' 'સબળ ટપ્યો' કરવા લાગ્યો.

ઘેર જઈને કહે : 'લે, ઉતાવળી થા; 'સબળ ટપ્યા' કરી દે. મારે સબળ ટપ્યાં જ ખાવાં છે. મારી બહેને સબળ ટપ્યાં બહુ મીઠાં કર્યા હતાં.'

બાઈ તો વિચારમાં પડી : અરે આ 'સબળ ટપ્યાં' તે કેવા હશે? પોતે કાંઈ સમજી શકી નહિ? બેઠી છે શું?'

ભાઈ સાહેબ તો ચિડાયા. કહે : 'કરે છે કે નહિ? બેઠી છે શું?'

બાઈએ કહ્યું : 'સબળ ટપ્યાં તો નથી આવડતાં. તમારી બે'નને આવડતાં હોય તો પાછા જાઓ ને એને કહો કે કરી આપે.'



હવે ભાઈના મગજમાં રાઈ ચડી. પાસે એક ધોકલો પડયો હતો તે લઈને ઊતરી જ પડયા. બિચારીને મારી મારીને આખે ડીલે ઢોકળેઢોકળા કરી નાખ્યાં!

આડોશીપાડોશી બધાં દોડી આવ્યાં. એણે એને ઠપકો આપી કહ્યું : 'જો તો ખરા અલ્યા, બિચારીને આમ તે મરાતું હશે? આખે ડિલે ઢોકળેઢોકળાં થઈ ગયાં છે!'

મૂરખો કહે : 'હં, ઈ.....ઈ.....ઢોકળાં! મારે ઢોકળાં ખાવાં છે, હું તો એનું નામ જ ભૂલી ગયો હતો!'

બધાં કહે : 'મેર મૂરખા!'

: ૭ :

એક હતો બ્રાહ્મણ. એનો ભાણેજ એક વાર માંદો પડ્યો.

ભાણેજની ખબર કાઢવા તે પરગામ ગયો. ખબર કાઢી ઘર ભણી આવતો તો ત્યાં રસ્તામાં તેને એક મશ્કરો વાણિયો મળ્યો.

તે કહે : 'કાકા! ક્યાં જઈ આવ્યા?'

બ્રાહ્મણ કહે : 'આ ભાણેજ માંદો હતો તે ખબર કાઢવા ગયો હતો.'

વાણિયો કહે : 'પણ કાંઈ સાંભળ્યું બાંભળ્યું કે? નહાવાનું આવે એમ છે.'

બ્રાહ્મણ કહે : 'ના રે! ઘરમાં તો સૌને સાજાંતાજાં મૂકીને ગયો હતો ને બે દિવસમાં શું થઈ ગયું? તારી કાકી તો સારી છે ને?'

વાણિયો કહે : 'અરે, ખોટું થઈ ગયું! કહેતાં મારી જીભ ઊપડતી નથી, પણ મારી કાકી રાંડ્યાં છે. ગજબ થઈ ગયો રે બાપલા, ગજબ થઈ ગયો!'

બ્રાહ્મણ કહે : 'હેં હેં! તારી કાકી રાંડ્યાં? બોલે

છ શું? એ તો રાતી રાણ જેવાં હતાં તે રાંડયાં શી રીતે?'

વાણિયો તો મનમાં હસતો હસતો રવાના થઈ ગયો.

બ્રાહ્મણભાઈ શેરીના નાકા પાસે આવ્યા. આવીને માથે ઓઢીને મોટેથી રાગડો તાણીને પોક મૂકી.

શેરીના માણસો એકઠા થઈ ગયા.

બ્રાહ્મણભાઈ ઘરને આંગણે જઈને બેઠા. ને કેમેય રોતા ન રહે.



ઘરમાંથી એની એક દીકરી હતી તે આવી કહે : 'હશે બાપા! રોતા ઊઠો. જે થવાનું હતું તે થઈ ગયું.'

બાપા ઊઠ્યા ને આંખો લૂછવા લાગ્યા. ત્યાં દીકરીએ પૂછ્યું : 'બાપા! ભાંકાભાઈને ઘણું સારું હતું ને આમ ઘડીકમાં શું થઈ ગયું?'

બાપા કહે : બેટા! ભાણેજ તો સાજોતાજો છે પણ આ તો બીજો ગજબ થઈ ગયો છે. મને રસ્તામાં પેલા માધા કંદોઈએ કહ્યું કે એની કાકી રાંડી. તે તારી મા રાંડે ત્યારે મને રડવું ન આવે? એ તો ગજબ જ થઈ ગયો!'

દીકરી કહે : 'પણ બાપા? તમે બેઠાં તે મારી મા રાંડતી હશે?'

બાપા કહે : 'ઓય માળું! એ તો હું ભૂલી જ ગયો!'

# ભણેલો ભટ

એક હતા ભટજી. કાશીએથી નવાસવા ભણી-ગણીને આવે. ચાર વેદ અને છ શાસ્ત્ર ભણેલા.

ભટજી તો એક દિવસ એક ગામડામાં કથા વાંચવા ગયા.

લોકો બધા કહે : 'ભટજી કથા તો ભલે વાંચે, પણ આપણે પારખાં તો લેવાં જોઈએ ના, કે ભટજી કેવુંક જાણે છે ?'

ભટજીને સૌએ પૂછયું : 'ભટજી ! અમારા સવાલનો જવાબ આપો તો કથા વાંચો, ને ન આપો તો પુસ્તક અને પોથીનાં પાનાં મૂકીને ચાલ્યા જાઓ.'

ભટ કહે : 'પૂછો ત્યારે.'

એક માણસે પૂછયું : 'ભટજી' 'તું બહ તુંબા' એટલે શું ?'

ભટજી તો ભારે વિચારમાં પડી ગયા. પોથીપાનાં જોઈ વળ્યા પણ ક્યાંઈ 'તું બહ તુંબા'નો અર્થ જડે નહિ. ચાર વેદ ને છ શાસ્ત્ર જોયાં, અઢાર પુરાણ જોયાં, પણ ક્યાંઈ 'તુંબહ તુંબા' જડે નહિ. ભટજી તો ભારે મૂંઝાયા ને માથું ખંજવાળવા મંડયા.

ગામડિયો કહે : 'ભટજી ! ઈ તમારાથી અમારા સવાલનો ઉત્તર નહિ અપાય. તમારા જેવા તો ઘણાયે આવી ગયા, પણ કોઈએ ઉત્તર આપ્યો નથી. લ્યો, હવે પુસ્તકપાનાં અને પોથીઓ અમને સોંપી દ્યો.'

ભટજીનું મોં તો લોટની કોથળી જેવું થઈ ગયું. બિચારા વીલે મોઢે ઘેર આવ્યા.

એને એક ભાઈ હતો. ઝાઝું ભણેલો ગણેલો નહિ. પણ કોઠાવિદ્યાવાળો ખરો.

એને બધી વાતની ખબર પડી એટલે એ કહે : 'ભાઈ! એવા અજડના ગામમાં તમારું કામ નહિ, ત્યાં તો અમારા જેવા જોઈએ; એનું માથું ભાંગે એવા.'

આ બીજો ભાઈ તો ચાલ્યો એ જ ગામડામાં. જઈને મલ્લની જેમ કછોટો માર્યો ને માથે ટકોમૂંડો કરાવ્યો; મૂંડા ઉપર પછી ચંદનનું ગોળ ચકરડું કર્યું અને વચમાં એક ટપકું કર્યું.

ગામના માણસો તો ભટજીને દેખીને રાજીરાજી થઈ ગયા. તે કહે : 'આ ભટજી લાગે છેય ભટજી જેવા. આવા હોય તો કાંઈક બે અક્ષર જાણવાનુંય મળે!'

પણ બધા કહે : 'પારખાં તો લેવાં જ જોશે. એમ ને એમ કાંઈ કથા વાંચવા નહિ બેસારાય.'

એક જણ કહે : 'ભટજી! પધારો એક ભટ પુસ્તકપાનાં મૂકીને ગયા છે ને બીજા વળી તમે આવ્યા છો. તમારીય તે હમણા ખબર પડશે.'

ભટજી કહે : 'એ ભટ નોખા ને આ ભટ નોખા. અમે તો કહેવાઈએ ભાગડ. આ માથે ટીલું કર્યું છે અને આ કછોટો માર્યો છે. એ તો જુઓ?'



ગામનો પટેલ કહે : 'ત્યારે જવાબ આપો જોઈએ : 'તુંબહ તુંબા' એટલે શું ?'

ભટ કહે : 'ભાઈ ભૂલ્યા. પૂરો સવાલ ક્યાં પૂછતાં આવડે છે? પહેલાં તો હોય

'ખેડં, ખેડા.'
પછી 'વાવં વાવા.'
પછી 'ઊગં ઊગા.'
પછી 'વેલં વેલા.'
પછી ફૂલં ફૂલા '
ને પછી તું બહ તુંબા.'

બધા કહે : 'એલા આ ભટજી સાચા. માળુ બરાબર કળી ગયા ! ઓલ્યા ભટને આવડે નહિ બોરના ટીંડા સુધીનું, ને મોટે ઉપાડે કથા વાંચવા આવ્યા હતા !'

ભટજીને તો આખા ગામે વખાણ્યા.

બધા કહે : 'ભટ ભારે, ભટ ભારે. ભટ ભારે ! ભટ કાંઈ જાણકાર ! બધુંય જાણે.'

ભટને તો ગામ આખે જમાડયા, પોથી પુસ્તક પાછાં આપ્યાં ને સારી એવી શીખ આપીને વિદાય કર્યા.

# ભોળો ભટ્ટ

ભોળો ભટ કાશીએ જઈને ભણતર ભણી આવેલા.

શાસ્ત્ર જાણે ને કથાવારતાય આવડે. ભોળો ભટ એક વાર પરગામ કથા વાંચવા નીકળ્યો. જઈને ગામને ચોરે ઉતારો કર્યો.

ત્યાં તો ગામના પટેલિયા ભેળા થયા ને ભટજીને તો ડેલીએ તેડી ગયા. સારા ઉતારા આપ્યા અને સીધાંપાણી મોકલીને ભટને સારી પેઠે જમાડયા.

જમી કરી ભટજી ડેલીએ આવ્યા. પટેલિયા કહે : 'કહો ભટજી! કેમ આવવાં થયાં?'

ભટ કહે : 'જે કહેવાય તે ભાગવત તો મહારસ છે. એમાં શ્રીકૃષ્ણ ભગવાની લીલાનું વર્ણન છે. આ એની પારાયણ કરવા અમે આવ્યા છીએ.'

પટેલિયા કહે : 'બહુ સારું. આ આપણે ચોરે રોજ રાતે તમે કથા કરજો; પણ એક વદાડ છે. જો ''હરે નમ:'' કરતાં અમે થાકીએ તો તમને પાંચસો રૂપિયા શીખમાં દેવા; ને જો ભાગવત વાંચતા તમે થાકો તો તમારે અહીં ભાગવત મૂકીને જવું.'

ભટ કહે : 'ભલે, કાંઈ વાંધો નહિ. આપણે વદાડ કબૂલ છે.'

બીજે દિવસે ભટે તો ભાગવતની પારાયણ શરૂ

કરી. ભટ તો સંસ્કૃત શ્લોક વાંચતા જાય, અર્થ કરતા જાય ને સમજાવતા જાય.

બધું સમજાવી રહે ત્યારે પટેલિયા બોલે 'હરે નમઃ' ભટને તો કેટલુંયે વાંચવાનું; ઘણું બોલે ત્યારે પટેલિયાને તો એક વાર 'હરે નમઃ' જ કહેવાનું.

ભટ તો વાંચતા વાંચતા થાક્યા. છ દિવસ તો કથા વાંચી, પણ સાતમે દિવસે ભટજીનો સાદ બેસી ગયો. ઘણું કરે, પણ ગળું ઊઘડે તો કે?

પટેલિયા તો બેઠા 'હરે નમઃ' કરતા. ભટ તો હારી ગયા. પટેલિયા કહે : 'લ્યો, ભટજી! પોથી મૂકીને પધારો!'

ભટજી શું કરે? ભાગવત મૂકીને ઘેર ગયા. ઘેર જઈને મોટા ભાઈને માંડીને બધી વાત કરી.

ભાઈ કહે : 'ઠીક છે જવા દે એ જ ગામમાં. જાઉં ને ભાગવત પાછું લાવું તો જ હું ખરો!'

આ ભાઈ કાંઈ ભણેલાગણેલા નહિ; કોણ જાણે પૂરી હાથજોડ કરાવતાં આવડતી હોય તો! બાકી ડિંગળ શાસ્ત્ર જાણે, ગપ્પે ગપ્પાં લગાવે ને ગામડાના માણસોને બરાબર સમજાવી જાણે.

ભાઈએ તો એ જ ગામમાં જઈને ચોરે બેઠેલા પટેલિયાઓને 'રામરામ' કર્યા, પટેલિયા તો પગે લાગ્યા

ને કહે : 'રામરામ.' બેઠા કરાવ્યા પછી પટેલિયાઓએ મહર કરી કહ્યું : 'કાં ભટજી! કથા વાંચવા આવ્યા છો કે? આ એક ભટ તો ભાગવત મૂકીને ગયા છે. તમારેય ભાગવત મૂકીને જવું હોય તો માંડો વાંચવા.'

ભટ કહે : 'બધાય સરખા ન હોય. કથા કથાએય ફેર હોય ના? હું તો ડિંગળશાસ્ત્ર ભણ્યો છે. એવું તો કો'ક જ ભણ્યા હોય ના?'

પટેલિયા કહે : 'પણ આ અમારો વદાડ સમજયા? આ અમે ''હરે નમઃ'' કરતા થાકીએ તો તમને પાંચસો રૂપિયાની શીખ આપીએ, ને તમે વાંચતાં થાકો તો તમારે ભાગવત મૂકીને ચાલ્યા જવું. છે કબૂલ?

ભટજી કહે: 'એમ જ હોય ના? પણ એક વદાડ વધારે. જો હું જીતું તો પેલું ભાગવત મને ઉપરિયામણમાં આપવું.'

પટેલિયા કહે : 'ઠીક.'

બીજે દિવસે ભટે તો કથા વાંચવા માંડી : 'જે કહેવાય તે શ્રીકૃષ્ણ ભગવાન ગરુડ ઉપર બેસે. ગરુડ તો એમનું વાહન કહેવાય.'

પટેલિયા કહે : 'હરે નમઃ'

'આ ગરુડ પંખી તો આ મુલકમાં પંખીઓનો રાજા કહેવાય.'

'હરે નમઃ'

'આ કહેવાય તે શ્રીકૃષ્ણ ભગવાને એક દિવસ પૂછ્યું : હે ગરુડજી ! તમારે કાંઈ નાતબાત ખરી કે ?'

પટેલિયા કહે : 'હરે નમઃ'

'આ ગરુડજી ઉત્તર આપે છે : હે મહારાજ ! મારે નાત તો છે; પણ બધાંએ મળીને મને નાત બહાર મૂક્યો છે.'

'હરે નમઃ'

'આ જે કહેવાય તે શ્રીકૃષ્ણ ભગવાને બધાં પંખીને ભેગાં કર્યાં. આ જે કહેવાય તે પાંચસો બુંગણનો મોટો કોથળો સિવડાવ્યો ને એમાં એ બધાં પંખીને પૂર્યાં.'

'હરે નમઃ'

'આ એ પંખીઓ તો બધાં કોથળાની અંદર કીવી કીવી કરવા માંડ્યાં.

'હરે નમઃ'

'ત્યાં તો કોથળામાં એક ફાંકું રહી ગયેલું.

'હરે નમઃ'

'આ પછી એક ફાંકામાંથી જે કહેવાય તે એક પંખી ઊડ્યું અને ફરરરરર.'

'હરે નમઃ'



'આ કહેવાય તે બીજું પંખી ઊડ્યું ને ફરરરર.'

'હરે નમઃ'

'આ ત્રીજું ઊડ્યું ને ફરરરર.'

'હરે નમઃ'

'આ ચોથું ઊડ્યું ને ફરરરર.'

'હરે નમઃ'

'આ પાંચમું ઊડ્યું ને ફરરરર.'

'હરે નમઃ'

ભટનું તો 'ફરરરર' ચાલ્યું ને પટેલિયાનું 'હરે નમઃ' ચાલ્યું.

એમ કરતાં પટેલિયાનાં તો મોઢાં દુખવા આવ્યાં ને પટેલિયા તો 'હરે નમઃ' ને બદલે 'ફરરર' બોલવા માંડ્યા.

ભટે પુસ્તકપાનાં બંધ કર્યાં ને કહે : 'તમે હાર્યા. હવે પેલું ભાગવત અને શીખ મૂકી દો.

પટેલિયાઓ પાસેથી ભાગવત અને શીખ લઈને મોટો ભાઈ ઘેર પાછો આવ્યો અને ભાગવત નાના ભાઈને સોંપ્યું.

# હજામ અને બાંડો વાઘ

એક હતો હજામ. હજામ હતો અકલલકડિયો.

એક વાર હજામ પરગામ ચાલ્યો. સાથે હજામભાઈની કોથળી તો હોય જ ના !

રસ્તામાં એક મોટું એવું રાન આવ્યું. હજામભાઈ તો રસ્તામાં ચાલ્યા જાય છે ત્યાં સામે એક બાંડો વાઘ મળ્યો.

હજામભાઈ તો મૂંઝાયા. કહે : 'આ તો મૂઆ ! વાઘભાઈ કાંઈ મૂકવાના છે ?'

એટલામાં હજામને એક યુક્તિ સૂઝી.

વાઘ નજીક આવ્યો એટલે હજામભાઈએ રાડ પાડીને કહ્યું : 'આવી જા, કૂતરા ! હવે તારા શા ભાર છે કે તું મારા હાથમાંથી છટકી જા ? આ એકને તો અંદર પૂર્યો છે, ને હવે તારો વારો.'

વાઘ તો પોતાને કૂતરો કહ્યો એટલે એ તો એવો ખિજાયો કે બસ !

વાઘ તો છલાંગ મારીને હજામ ઉપર ધસ્યો ત્યાં તો હજામભાઈએ આરસી કાઢીને વાઘના મોઢા આગળ ધરી.

વાઘે તો સામે પોતાનું મોઢું દેખ્યું. વાઘને થયું કે

નક્કી, આ હજામ કહે છે એ વાત સાચી. એકને તો પકડેલો દેખાય છે. ને હવે મનેય પકડવાનો !

વાઘ તો એવો બીનો કે ઊંચી પૂંછડી લેતોક ને ત્યાંથી ભાગ્યો.

હજામે તો આરસી કોથળીમાં મૂકી, ને ભાઈ આગળ ચાલ્યા.

રાત પડી. એક મોટા વડ ઉપર હજામે રાતવાસો કર્યો. ડાળીએ કોથળી લટકાવી ને નિરાંતે બેઠો.

ત્યાં તો વડ નીચે વાઘ એકઠા થવા માંડ્યા. એક, બે ત્રણ, ચાર, એમ કેટલાયે વાઘ એકઠા થઈ ગયા.

વાઘની આજે ત્યાં ઉજાણી હતી. બધા વાઘમાં પેલો બાંડો વાઘ પણ આવ્યો હતો.

ઉજાણી ચાલતી હતી. ત્યાં ખાતાં ખાતાં બાંડો વાઘ બોલ્યો : 'અરે ભાઈ ! આજે તો ભારે થઈ !'

બધા વાઘ કહે : 'શું થયું ?'

બાંડો વાઘ કહે : 'એક હજામ મને રસ્તામાં મળ્યો હતો. હું એને મારવા ગયો ત્યાં કહે : 'કૂતરા ! એકને પૂર્યો છે ને હવે તારો વારો. આવી જા !' તો હું તો મારવા દોડ્યો. મારવા દોડ્યો તો કોથળીમાંથી એક વાઘ કાઢીને એણે મને બતાવ્યો. હું તો એવો બીનો કે ઊભી પૂંછડીએ ભાગ્યો !'

એક વાઘ કહે : 'હવે જાવ દે, ટાઢા પહોરના ગપ્પાં હાંક મા ! એમ હજામડાથી તે કાંઈ વાઘ પકડાતો હશે ?'

'અરે, મેં આ મારી આંખે ભાળ્યો હતો ને ?'

બીજો કહે : 'એંહ ! એ તો તું ફોશી તે બીને ભાગ્યો. હું તો એને ત્યાં ને ત્યાં જ પૂરો કરત !'

વાઘોની વાતો સાંભળીને હજામભાઈ તો નરમ ઘેંશ જેવા થઈ ગયા. એવા તો ધ્રૂજવા માંડ્યા કે વડની ડાળ હલવા માંડી.

ડાળ ઉપર એક વાંદરો ઊંઘતો હતો. ડાળ હલી એટલે એ નીચે પડ્યો. ત્યાં તો હજામે હોશિયારી વાપરીને કહ્યું : ''એલા પકડજે એ બાંડા વાઘને. જોજે ભૂલ્યો તો એ બાંડો બહુ ડાહ્યો થાય છે તો !''

બાંડો વાઘ કહે : ''જો, હું નહોતો કહેતો કે કો'ક વાઘ પકડવા નીકળ્યું છે ?''





ત્યાં તો વાંદરો પેલા બાંડા વાઘ ઉપર જ ભોગજોગે પડ્યો.

બાંડો વાઘ છલંગ મારતો ને ભાગ્યો, ને તેની વાંસે બીજા વાઘ પણ ભાગ્યા !

બધાય વાઘ ક્યાંના ક્યાંઈ ભાગી ગયા.

હજામભાઈ સવારે નિરાંતે વડ ઉપરથી ઊતરી ઘરભેગા થઈ ગયા.

## ડોશી અને ચાર દીકરા

એક હતી ડોશી.

એને ચાર દીકરા. એકનું નામ હમર, બીજાનું નામ તમર, ત્રીજાનું નામ સારીંગા, ને ચોથાનું નામ ગની હતું.

ગામમાં ભવાયા રમવા આવ્યા. બહુ સારું રમતાં આવડે.

છોકરા કહે: "માડી અમારે તો આજ ભવાઈ જોવા જવું છે."

ડોશી કહે: "ઠીક, દીકરા! વે'લા પાછા આવજો. આ આજકાલ ચોરોની બીક તો લાગે છે, પણ હરકત નહિ."

છોકરા ભવાઈ જોવા ગયા, ને પાછળથી ચોર આવ્યા. ચોરોએ તો બધું જ ઉપાડ્યું. ગોરિયો-મૂંજડો બળદ લીધા; ભૂરી-ભગરી ભેંશ લીધી; ઘરમાંથી લૂઈલપેટીને જે હાથ આવ્યું તે બધુંય લીધું.

ચોર માલ લઈને ચાલ્યા એટલે ડોશી ડાંખરા થઈને બોલ્યાં: "લઈ જજો મારા ભાઈના સાળા! તમારા બાપનો માલ છે તે. આ હમણાં મારા દીકરાઓ વછૂટશે તે ખબર પડવી છે. ભવાઈ જોવા ન ગયા હોત તો તો ખબર પડત!"

એક ચોર કહે: "ત્યારે આ ડોશીનેય ઉપાડો ને! પછી કોણ વાંસે આવશે?"

ચોરે તો ડોશીને એક પોટકામાં બાંધી ને માથે ઉપાડી લીધી.

બીજા ચોર માલ લઈ ને ચાલતા થયા. પેલો ચોર કહે: ''તમે આઘે આઘે નીકળી જાઓ. હું ડોશીને માથે મૂકીને ભવાઈમાં ભવાયો થઈને કૂદીશ. ડોશીના છોકરાં જોવામાં રોકાશે, એટલે ઘેર જશે ત્યારે ના?''

બીજા ચોર તો ચાલી નીકળ્યા.

પેલો ચોર પણ ડોશીવાળું પોટકું માથે લઈ ભવાયા ભેગો ભળી જઈ નાચવા લાગ્યો.

બધા કહે: ''એલા, આ કોઈ નવો વેશ આવ્યો લાગે છે!''

ચારે ભાઈઓ તો ખાટલા ઉપર બેઠા હતા ત્યાં બેસી જ રહ્યા. કહે: ''આ નવો વેશ જોઈને જઈએ. હશે, માડી વાટ તો જોતાં હશે, પણ મોડા ભેગું મોડું.''

ચોરભવાયો તો નાચતો જાય, તાળીઓ પાડતો જાય ને સૌને હસાવતો જાય.

એટલામાં ડોશીએ પોટકામાંથી ચારેકોર નજર ફેરવી જોયું તો દીકરા ખાટલે બેઠેલા. ડોશી પોટકમાંથી બોલી:

''ઊઠિયું પૂતર હમરતમર!
તાત! પૂતર સારીંગા

આ ાં ઢોર ગની વિયા,
આધાં ઢોર ગની વિયા.
આધાં ઢોર ગની વિયા !
થૈ થૈ થૈ થૈ; તા થૈ થૈ થૈ.''

માથેથી ડોશી બોલી એટલે ચોર ભવાયો મૂંઝાયો. મનમાં કહે : ''માર્યા ! આ ડોશીએ ખેલ બગાડ્યો.

ચોર તો ડોશીનું કહેવું ન સંભળાય એટલા માટે તાણીતાણીને બોલવા માંડ્યો :-

''તું કહેતી સત્ય
ડોશી ! તું કહેતી સત્ય :
તેરા ઢગા ગયા કચ્છ !
તેરા ઢગા ગયા કચ્છ !''



એમ કહી ચોરે માથેથી ગાંસડી ઉપાડી નીચે પછાડી ને પોતે પોબારા ગણ્યા.

ત્યાં તો ''શું થયું ? શું થયું ?'' કરતા ને બધા ભેગા થઈ ગયા.

જુએ તો મહીં ડોશી !

ડોશીએ ચોરની બધી વાત કહી. ત્યાં તો હમર, મર, સારીંગા ને ગનીભાઈ ચારે કોર દોડયા ને ચોરને કડી પાડયા, ને માલ બધો પાછો લઈ આવ્યા.

ડોશીએ છ મહિના ખાટલે રહી શીરો ખાધો પણ ાાલ ઘેર આવ્યો !



## કરતા હો સો કીજીએ

એક હતો કાગડો.

કાગડો રોજ નદીકાંઠે જાય અને બગલા સાથે બેસે.

એમ કરતાં બંને ભાઈબંધ થયા.

બગલો માછલાં પકડે અને કાગડાને ખવરાવે. બગલો નવી નવી રીતે ને નવાં નવાં માછલાં પકડે. કાગને તો રોજ નવાં નવાં ભોજન મળે.

બગલો આકાશમાં ઊડે; ઊંચો ઊંચો ઊડે. નીચે નજર રાખે ને માછલું દેખી સરરરર કરતો સરકે; લાંબી લાંબી ચાંચ પાણીમાં નાખે ને પગ ઊંચા કરે, ને પટ દઈને માછલું પકડે ને કાંઠે આવે.

કાગડો રોજ રોજ આ બધું જુએ, ને એનેય એમ કરવાનું મન થાય.

કાગડો કહે: ''ચાલ ને, આપણેય એમ કરીએ! એમાં મોટી શી વાત છે? ઊંચે જવું; નીચે નજર રાખવી; માછલું દેખી નીચે આવવું, ને ચાંચ લંબાવી પાણીમાં નાખવી; ઊંધે માથે થવું ને પગને ઊંચે રાખવા. માછલું નહિ પકડાય ને જશે ક્યાં?

કાગડો તો આકાશમાં ઊડ્યો; ઊંચો ઊડ્યો. પણ કાગડાભાઈ તે કેટલું ઊડે?



ત્યાં તો પાણીમાં માછલું દેખાયું કાગડાભાઈ ઝડપ દઈને હેઠે ઊતર્યા. પગ ઊંચા રાખ્યા ને ચાંચ નીચે કરી ઝટ લઈને માછલું લેવા ગયા, પણ ત્યાં તો માછલું ખસી ગયું ને ચાંચ લીલમાં ભરાઈ ગઈ! પગ ઊંચા રહી ગયા ને ભાઈ' શાબ તડફડવા માંડયા. ઘણી મહેનત કરે પણ માથું ઊંડું ઊંડું ઊતરતું જાય!

ત્યાં બગલો આવ્યો. બગલાને દયા આવી ને કાગડાને માંડમાંડ ખેંચીને બહાર કાઢયો. પછી કાગડાને બગલાએ કહ્યું: ''ભાઈ!

''કરતા હો સો કીજીએ
ઓર ન કીજે, કગ!
માથું રહે શેવાળમાં
ને ઊંચા રહે બે પગ!''

કાગડો તે દિવસથી સમજી ગયો ને બગલાની ચાલે ચાલવું ભૂલી ગયો.

## હોરો ને હોરી

એક હતો હોરો ને એક હતી હોરી. હોરી એક દિવસ ભેંશ દોહવા બેઠી ત્યાં હોરીથી વાહરી જવાયું.

હોરી તો ખૂબ શરમાઈ ગઈ. એને લાગ્યું કે ભૂંડું થયું. આ ભેંશ સાંભળી ગઈ છે. તે કહેશે ગોવાળને ને ગોવાળ કહેશે આખા ગામને, તો મારો થશે ફજેતો!

ત્યારે કરવું શું?

હોરી તો ભેંશના કાન આગળ જઈને તેને સમજાવવા લાગી. ભેંશને કહે: ''જો બહેન! મારાથી વાહરી જવાયું છે. પણ તું કોઈને કહીશ?''

ત્યાં તો ભેંશના કાન ઉપર માખી બેઠી એટલે ભેંશ તો ડોકું હલાવવા માંડી.

હોરીએ જાણ્યું કે ભેંશ તો હા કહે છે. હવે શું થશે? હવે તો જરૂર ભેંશ ગોવાળને કહેવાની અને ગોવાળ કહેશે આખા ગામને, ને મારો થશે ફજેતો!

હોરી તો ઘરમાં આવીને ઊંધું માથું રાખીને વિચાર કરવા લાગી.

એટલામાં હોરાજી આવ્યા.

તેણે પૂછયું: ''હોરીજી! શું થયું છે?''

હોરી કહે: ''અરે, બહુ ખોટું કામ થયું છે. મારી તો જીભ ઊપડતી નથી.''

હોરો કહે: ''પણ કહો તો ખરાં; એવું તે શું છે?''

હોરી કહે: ''શું કહું? મને તો શરમ લાગે છે.

હોરો કહે : ''એવું શું છે?''

હોરી કહે: ''આજ હું બેઠી હતી ભેંશ દોવા. દોતાં દોતાં વાહરી, ને ઈ ભેંશ સાંભળી ગઈ. ભેંશને ઘણુંયે કહ્યું, પણ એ તો કહે હું તો બધાને કહીશ જ. એટલે ભેંશ કહેશે ગોવાળને, ને ગોવાળ કહેશે આખાય ગામને. પછી આપણે શું મોઢું દેખાડીશું?''

હોરો કહે: ''અરે આ તો આબરૂની વાત રહી, એટલે આપણાથી મોઢું દેખાડાય જ નહિ. ચાલો આજે રાત્રે આપણે ઉચાળા ભરીને બીજે ગામ જઈએ.''



હોરો એને હોરી રાત પડી એટલે ગાડામાં સામાન ભરીને ચાલ્યાં, પણ દરવાજા બંધ હતા. દરવાને પૂછ્યું: ''અરે, એ કોણ છે?''

હોરો કહે: ''અરે દરવાનસાહેબ! મને ઓળખતા નથી? એ તો હું હોરો.''

દરવાન કહે: ''પણ આટલી મોડી રાતે કેમ?''

હોરો કહે: ''અરે ભાઈશા'બ! કાંઈ કહેવાની વાત

નથી. અમારે માથે મોટું સંકટ આવી પડ્યું છે, તે ગામ છોડીને ચાલ્યાં જઈએ છીએ.''

દરવાન કહે: 'પણ કહો તો ખરા, એવડું મોટું શું સંકટ છે?''

હોરો કહે: ''આ વાત એમ છે કે આજ હોરીજી ભેંશ દોવા બેઠાં હતાં ત્યાં જરા વાહર્યાં. ઈ ભેંશે સાંભળ્યું. હવે ભેંશ કહેશે ગોવાળને, ને ગોવાળ કહેશે આખા ગામને, ને અમારો થશે ફજેતો! હવે શું કરવું દરવાન સાહેબ?''

દરવાન કહે: ''ઓહો તે એટલા જ સારું ગામ છોડીને ભાગી જાઓ છો? તમારા જેવા સારા માણસ ગામ છોડીને ચાલ્યા જાય એ કેમ ચાલે? ચાલો, હું રાજાજીને કહું કે તમારી કોઈ વાત કરે નહિ.''

દરવાને જઈ ને રાજાને કહ્યું.

રાજાએ તો ઢોલ પિટાવ્યો: ''હોરાનાં વહુ હોરીજી ભેંશ દોતાંદોતાં વાહર્યાં છે, ને ઈ ભેંશે સાંભળ્યું છે. ભેંશ કેશે ગોવાળને, ને ગોવાળ કહેશે આખા ગામને. એટલે રાજાજીનો હુકમ છે કે ભેંશ અથવા ગોવાળે અથવા તો ગામના માણસોએ તેની જરાયે વાત કરવી નહિ.''



## ''વખત બેવખત''

એક હતા ગુરુ ને એક હતો ભગત.

ભગત રોજ કહે: ''મહારાજ! મને હવે ગુરુમંતર આપો; મહારાજ! મને હવે ગુરુમંતર આપો.''

ભગત તો રોજ પાછળ પડે ને ગુરુને છોડે નહિ.

એક દિવસ તો ગુરુજી કહે: ''ત્યારે કાલે આવજે. કાલે હું તને ગુરુમંત્ર જરૂર આપીશ.''

ભગત તો રાજીનારેડ થઈ ગયો. કહે: ''હાશ! કાલે ગુરુમંતર મળશે.''

વળતી સવારે ભગત તો વહેલોવહેલો ઊઠયો; નાયો ધોયો ને ઝટઝટ કરતો મંતર લેવા ઊપડયો.

ગયો ત્યારે ખબર પડી કે ગુરુજી તો જંગલ ગયા છે.

હોંશમાં ને હોંશમાં ભગત તો પાછળ ગયો. ગુરુ જ્યાં બેઠા હતા ત્યાં જઈને પગે લાગી કહે: 'મહારાજ! ગુરુમંતર આપો.''

ગુરુને તો રીસ ચડી. પાસે જ એક ઈંટડું પડ્યું હતું તે ફેંક્યું ને કહ્યું: ''ગંડુ! વખત બેવખત!''

ભગતે તો ઈંટડું ઉપાડી લીધું, માથે મુકયું, અને ''વખત બેવખત'' મંત્રને બોલતો બોલતો અને હરખાતો હરખાતો ઘેર ગયો.

ઘેર જઈ એણે તો ઈંટડાની પુજા કરવા માંડી;

ચંદન-ફૂલ ચડાવે ને ''વખત બેવખત'' ગુરુમંતરનો જાપ જપે.

એમ કરતાં કરતાં ભગતનું તો ચાલ્યું. ભગતે તો મોટું એવું મંદિર ચણાવ્યું ને અંદર ઈંટડાને પધરાવ્યું. ઈંટડા દેવનું નામ ''વખત બેવખત'' રાખ્યું.

''વખત બેવખત'' ની તો મોટી માનતા ચાલે, ને ક્યાંઈ ક્યાંઈથી લોકો જાત્રાએ આવે. ભગત તો મોટો ભક્તરાજ થઈ પડ્યો !

એમ કરતાં કરતાં પેલા જૂના ગુરુ પાછા આવી ચડ્યાં.

મંદિર, એની શોભા, એના જાત્રાળુઓ ને એવું એવું જોઈ ગુરુજી તો ખુશી થયા. મંદિરમાં જઈને જુએ તો ઈંટડાના દેવ! મનમાં વિચાર થયો: ઘણી જાતના દેવ જોયા છે પણ આવા ઈંટડાના દેવ જોયા નથી !

ગુરુએ ભક્તરાજને પૂછ્યું: ''ભક્તરાજ ! આવા દેવ ક્યાંથી આણ્યા? તમારા ગુરુ કોણ છે? કોણે તમને મંત્ર આપ્યો?''

ભકત કહે: ''મારા ગુરુ છે રામદેવજી. એમણે મને મંત્ર આપ્યો છે, અને દેવ પણ એ મહારાજે જ આપ્યા છે.''

ગુરુ કહે: 'એ તો હું જ રામદેવજી પણ મેં તને કયે દિવસે આવા દેવ આપ્યા છે ને ગુરુમંત્ર આપ્યો છે?''



ભકતરાજે જવાબ આપ્યો : ''મહારાજ! તે દિવસે આપે નો'તું કહ્યું કે કાલે ગુરુમંતર આપીશ! અને આપ જંગલ ગયેલા ત્યાં હું સવારમાંઆવેલો! આપે પેલું ઈટડું જ આપી ''વખત બેવખત''નો મંત્ર નહોતો આપ્યો? મહારાજ, આપનોજ એ બધો પ્રતાપ છે!''

રામદેવજી મહારાજ ઊલટા ભક્તરાજને પગે પડયા ને કહ્યું : ''ભકત રાજ! આ તો બધું તમારી સાચી ભક્તિને લીધે જ છે.''

# નંદના ફંદ ગોવિંદ જાણે

એક હતો વાણિયો. એને હતો એક છોકરો. એને બળિયાકાકા (શીતળા) નીકળ્યા. કાકા બહુ ભારે નીકળેલા. આડોશીપાડોશી જોવા આવ્યા ને કહ્યું: ''શેઠ શેઠ! કાકા તો બહુ ભારે લાગે છે. કાંઈક માનતા કરો, માનતા. લાખેણો છોકરો છે, બાપુ! એ હશે તો બધું છે.''

પણ શેઠ બડો પક્કો હતો. ગળે વાત તો ન ઊતરી. પણ લોકલાજે દબાયો.

એણે તો માનતા કરી: ''હે બળિયાકાકા! જો મારા દીકરાને સારું થઈ જશે તો હું તમને એક પાડો ચડાવીશ.''

આડોશીપાડોશી સૌ રાજી થયા.સૌએ કહ્યું: ''એમ તો શેઠ સમજુ છે.

થોડા દિવસ થયા અને છોકરો સાજો થઈ ગયો, પણ માનતાનું શેઠ સંભારે નહિ, વળી આડોશીપાડોશી કહે: ''શેઠ! છોકરો તો સાજો થઈ ગયો. માનતાનું છે, લાબું કર્યું નહિ સારું. દેવનું દેવું વહેલું જ ચૂકવીએ.'

શેઠે વિચાર્યું: હવે કર્યા વિના નહિ ચાલે. આ આડોશીપાડોશી નહિ મૂકે!

ઘરની પાસે એક પખાલી રહેતો હતો. એને એક પાડો હતો. રાતે પખાલી પાડાને ફળિયામાં બાંધે. પખાલીનું ફળિયું ને વાણિયાનું ફળિયું જોડાજોડ.

વાણિયો કહે: ''પાડાનો વળી ખરચ ક્યાં કરું?

આ પાડોશીનો પાડો છે તે શા કામનો છે? એ પણ માનતા કરાવવા તો આવ્યો જ હતો!''

વાણિયો સવારે વહેલો ઊઠયો ને દોરડા સહિત પાડાને ખીલાથી છોડયો.

ગામની બહાર બળિયાકાકાની શિલા ખોડી હતી. જઈને પાડાને બળિયાકાકાની સાથે મજબૂત બાંધી દીધો.

સવારે પખાલી ઊઠયો ને પાડો છોડવા જાય તો પાડો ન મળે! પાડાને આખા ગામમાં શોધ્યો પણ કયાંય જડે નહિ. પખાલી પાડાને સીમમાં શોધવા નીકળ્યો. મનમાં પાડા ઉપર ખૂબ ખિજાતો જતો હતો; ત્યાં પાડો દેખાયો. બળિયાકાકાની શિલા સાથે જ બાંધેલા હતો.

પખાલી તો ખિજાયેલો એટલે જઈને જોરથી પાડાને એક લાકડી લગાવી. પાડો તો ચાર પગે ઊપડયો.



મોઢા આગળ પાડો ને વાંસે બળિયાકાકા : જાય

ઢસરડાતા! પાડો ભાગતો ભાગતો ઘર સુધી આવ્યો. ત્યાં વાણિયાના ઘર આગળ શિલા છૂટી ગઈ.

વાણિયો હસીને કહે : 'શી બળિયાકાકાની કિરપા! કાકાએ પાડાને સજીવન તો કર્યો, પણ ઘેર આવીને દર્શન દીધાં!'

વાણિયાએ તો બળિયાકાકાની શિલાને ઘરમાં આણી અને તેનો વરઘોડો કાઢયો.

વેલમાં કાકાને બેસાર્યા; મોઢા આગળ ઢોલશરણાઈ વગડાવ્યાં. સાથે વાણિયો પોતે ગાતો જાય ને ગવરાવતો જાય --

'નંદના ફંદ ગોવિંદ જાણે,
બળિયાકાકાને પાડો તાણે..'



## ચાંદાભાઈનું ચાદરણું

એક હતા રામસિંગભાઈ અને બીજા હતા ચાંદાભાઈ.

બન્ને ગિરાસદારો.

રામસિંગભાઈ હતા ગામેતી; પાંચસાત ગામના ધણી. ચાદાંભાઈને ઘેર માત્ર બે જ સાંતીની ભોં.

રામસિંગભાઈને તો રાજદરબાર. જે આવે તે ચોરે બેસે, હોકાપાણી પીએ, અફીણકસુંબા લે, રોટલા ખાય ને ઘેર જાય.

ચાંદાભાઈના ઘરમાં ઠણઠણપાળ અને મદન-ગોપાળ. ચાર ખૂણે ચાર અગિયારશ ને વચમાં ગોકળ આઠમ. ઘરે આવ્યોય ભૂખ્યો જાય! પણ ચાંદાભાઈ મોઢાના ભારે હોશિયાર. એક સરસ ઘોડી રાખે, ધોળાં ફૂલ કપડાં પહેરે. અને ગામગપ્પાં કર્યા કરે. જ્યાં ત્યાં જઈ મહેમાન થાય ને મજા કરે.

ચાંદાભાઈએ તો રામભાઈની ભાઈબંધી કરી. રામભાઈ ને શી ખોટ હતી? ચાંદાભાઈ રામજીભાઈને ત્યાં વરસમાં બેત્રણ માસ રહે; ખાય, પીએ ને ચમન ઉડાવે. પાછા વળતાં ખૂબખૂબ તાણ કરે : 'રામસિંગભાઈ! હવે મારે ત્યાં એક વાર જરૂરાજરૂર પધારો.'

એક વાર ભગવાનને કરવું છે તે રામસિંગભાઈ

ને ક્યાંક સગામાં જવાનું થયું; પાછા વળતા રસ્તામાં ચાંદાભાઈનું ગામ આવે.

રામસિંગભાઈના મનમાં થયું : માળું, વારે વારે ચાંદાભાઈ તાણ કરી જાય છે પણ આપણે જતા નથી; તે ચાલને આ વખતે તો એને ગઢે જાઉં?

રામસિંગભાઈ ને બીજા ભાયાતોએ ઘોડીઓ ચાંદાભાઈના ગામ ભણી વાળી.

ચાંદાભાઈને કોઈએ વાવડ આપ્યા ને ચાંદાભાઈ મૂંઝાયા : રાસિંગભાઈ ને ત્યાં તો ખાઈખૂંદી આવ્યા છીએ; પણ ખવરાવવું શું? ઘરમાં તો હાંડલાં કુસ્તી કરે છે!

ત્યાં રામસિંગભાઈની ઘોડીએ ખોંખારો દીધો ને સાદ પાડ્યો : 'કા ચાંદભા બાપુ! ક્યાં ગયા?'

ચાંદભા કોને મોં બતાવે?

ચાંદભા તો ઠકરાણાનો સાડલો ઓઢીને સોડ તાણીને સૂતા.

રામસિંગ ઠાકોર ગઢમાં આવી પહોંચ્યા. પૂછ્યું : 'ચાંદભા ઠાકોર ઘરમાં છે કે?'

કો'ક બાઈ આવીને કહે : 'બાપુ! એ તો જૂનાગઢના ગરાસને કામે ગયા છે. કાલપરમ આવશે.

રામભાઈને વહેમ પડ્યો : માળું, વાત ખોટી લાગે છે. હજી કાલ તો ચાંદભા ગામમાં સાંભળ્યા'તા!

રામસિંગ ઠાકોર કહે : 'એ તો ઠીક, પણ ઘરમાં કોણ સૂતું છે? કોઈ માંદું બાંદું નથી ના?'

બાઈ કહે : 'આ તો જસુફુઈ છે. જરા માથું દુખે છે તે સુતાં છે.'

રામસિંગ ઠાકોરને થયું : ચાલો ને જસુફુઈના ખબર તો પૂછતા જઈએ !

ઘરમાં જઈને સાડલો ઊંચો કરી કહે :

કાં ફઈબા ! માથું શેણે દુખે છે, બા ?'

પણ ત્યાં તો અંદરથી મૂછાળી ફઈબા ચાંદભા નીકળ્યા !



રામસિંગભાઈ તો ઠરી જ ગયા; પોતે ભોંઠા પડી ગયા ! સાથે એક ગઢવી હતો એનાથી ન રહેવાયું. એની જીભ સળવળી :--

'ચાંદાભાઈનું ચાંદરણું
ને રામજીભાઈના રોટા;
જસુફુઈને મૂછો આવી
કળજગ આવ્યા ખોટા !'

# અગ્રે અગ્રે વિપ્ર

'અગ્રે અગ્રે વિપ્ર;
નંદ સો કંદ;
દાઢી સો ભોથાં'

એક હતો બ્રાહ્મણ ને એક હતો બાવો. બંને સાથે મુસાફરી કરવા નીકળ્યા.

ઉનાળાનો વખત હતો ને ખરા બપોર થયેલા. બેઉ તરસ્યા થયા, પણ પાણી ક્યાંઈ ન મળે, ભૂખ પણ લાગેલી.

ભૂખતરસનો વિચાર કરતા બેઉ આગળ ચાલ્યા. રસ્તે એક વાણિયો મળ્યો. વાણિયો પણ ભૂખ્યો તરસ્યો હતો.

ત્રણે જણાએ નક્કી કર્યું કે ચાલો, મહેનત કરીએ. જડે તે સૌનું સરખે ભાગે.

ચાલતાં ચાલતાં શેરડીનો વાઢ આવ્યો.

પહેલાં બ્રાહ્મણ અંદર ગયો ને 'નારાયણ પ્રસન્ન' કર્યા.

વાઢવાળા પટેલ કહે : 'આ આવા ને આવા ભામટા તે ક્યાંથી ચાલ્યા આવતા હશે? અહીં કાંઈ ભંડાર ભર્યા છે તે આપ્યા જ કરીએ?'

બ્રાહ્મણનું તો બોલ્યું બહાર પડ્યું ને પાછો આવ્યો.

પછી બાવો વાઢમાં ગયો ને 'અહાલેક' કર્યા.

પટેલ કહે : 'અરે આ જોગટાનો તો કાંઈ પાર છે? કેટલાકને આપ્યા કરીએ?'

બાવો પણ ભોંઠો પડી પાછો વળ્યો.

હવે વાણિયાનો વારો આવ્યો.

વાણિયો વાઢમાં ગયો અને પૂછ્યું : 'કાં પટેલ! ગોળ વેચો છો કે?'

પટેલ કહે : 'હા શેઠ! કેટલો જોશે?'

વાણિયો કહે : 'જોઈએ, સોએક મણ.'

પટેલ કહે : 'આવો આવો; કરો ત્યારે ભાવતાલ નક્કી.'

પટેલ અને શેઠે તો ભાવતાલ ઠરાવ્યા ને ગોળ તોળવાનો દિવસ નક્કી કર્યો. બધું કર્યા પછી વાણિયે રજા લીધી. પણ પાછો ફર્યો ને કહ્યું : 'પટેલ ! એ બધું તો ઠીક; પણ આ સાટું કર્યું એનું કંઈ બાનું તો આપો?'

પટેલે તો વીશ સાંઠા સારા મજાના કાઢી આપ્યા. વાણિયો સાંઠા લઈને બહાર આવ્યો.

પછી તો ભાગ પાડવાનું આવ્યું. સૌના સરખેસરખા ભાગ તો પાડવા જ જોઈએ. પણ વાણિયે તો એમાંયે પાકો વેંત કરી રાખેલો. પોતે જ ભાગ પાડવા



બેઠો. વિચાર કરવાનો ડોળ કરીને : 'જુઓ ભાઈ ! શાસ્ત્રમાં કહ્યું છે કે ''અગ્રે અગ્રે વિપ્ર''. માટે આપણે બ્રાહ્મણને તો આગળનો જ ભાગ આપવો જોઈએ.'

એમ કહીને વીશે સાંઠાના ઉપલા ભાગ બ્રાહ્મણને કાપી આપ્યા. બ્રાહ્મણે તો તે રાજી થઈને લીધા.

પછી કહે : 'નંદ સો કંદ. નંદ એટલે વાણિયાને તો વચલો ભાગ આપવાનું શાસ્ત્રમાં કહ્યું છે.' એમ કહી પોતે શેરડીના વચલા કટકા લઈ લીધા.

પછી બાકી તો થડિયાના ભાગ રહ્યા. એટલે કહે : 'દાઢી સો ભોથાં. શાસ્ત્રમાં વચન છે કે દાઢી એટલે બાવાને ભોથાં એટલે થડિયાં દેવાં જોઈએ.'

એમ કહી વાણિયાભાઈએ સારા ભાગ રાખ્યા અને બ્રાહ્મણ તથા બાવાને રાજી પણ રાખ્યા. સૌ રાજી થઈને ઘેર ગયા.

★★★

# લોભી દરજીની વાર્તા

એક હતો દરજી અને એક હતી દરજણ. બંને લોભી. ઘેર કોઈ મહેમાન આવે તો માથાનો ઘા થાય. એક વાર એને ત્યાં બે મહેમાન આવ્યા. દરજીના મનમાં ચિંતા થઈ. એણે વિચાર કર્યો કે કાંઈક એવી યુક્તિ કરવી જોઈએ કે મહેમાન ચાલ્યા જાય.

પછી દરજી ઘરમાં જઈ દરજણને કહે : 'જો, હું તને ગાળો દઉં ત્યારે તારે મને સામે ગાળો દેવી; અને હું જ્યારે તને ગજ લઈ મારવા દોડું ત્યારે તારે લોટની માટલી લઈ ઘરમાંથી ચાલ્યા જવું, એટલે હું તારી પાછળ દોડીશ. મહેમાનો જાણે કે ઘરમાં તકરાર છે, એટલે પાછા ચાલ્યા જશે.'

દરજણ કહે : 'ઠીક.'

પછી થોડી વાર થઈ એટલે દુકાનમાં બેઠો બેઠો દરજી દરજણને ગાળો દેવા લાગ્યો. દરજણે સામી ગાળો દીધી. દરજી ગજ લઈને દોડ્યો, એટલે દરજણ લોટની માટલી લઈને નાસી ગઈ.

મહેમાનોએ વિચાર કર્યો : આ દરજી છે લોભી, અને તેનો વિચાર ખવરાવવાનો નથી એટલે આવા ઢોંગ કરે છે. પણ આપણે એને છોડવો નથી. ચાલો આપણે મેડીએ ચડીને સૂઈએ.

મહેમાનો તો મેડીએ ચડીને સૂતા.



મહેમાનો ચાલ્યા ગયા હશે એમ ધારી દરજી-દરજણ થોડી વારે પાછાં આવ્યાં. મહેમાનોને ઘરમાં દીઠા નહિ એટલે ખુશી થતો થતો દરજી બોલ્યો : 'હાશ, ઠીક થયું કે પાપ ગયું !'

પછી દરજી અને દરજણ એકબીજાનાં વખાણ કરવા લાગ્યાં.

દરજી કહે : 'હું કેવો ડાયો કાપડનો ગજ લઈને ધાયો !'

દરજણ કહે : 'હું કેવી ગતીલી કે માટલી લઈ જતી રહી !'

મહેમાનો આ વાત સાંભળી મેડીએથી બોલ્યા : 'ને અમે કેવા દૂતા કે મેડીએ ચડીને સૂતા !'

દરજી-દરજણ ભોંઠાં પડી ગયાં, અને મહેમાનોને નીચે ઉતારી રોટલા ખવરાવી વિદાય કરવા પડયા !

## ખેતલીની વાર્તા

એક હતો વાણિયો ને એક હતી વાણિયણ. વાણિયણ ખાઉકડ અને વાણિયો કંજૂસ.

પણ વાણિયણ હતી પાકી. પોતાનો ધણી ઘરમાં હોય ત્યારે થોડું ખાય અને બહાર જાય ત્યારે પાછળથી પોતે સારુંસારું કરીને ઉડાવે.

એક દિવસ વાણિયાના મનમાં વહેમ પડ્યો. તે કહે : 'આટલું આટલું ઘરમાં લાવું છું ને એકદમ ખૂટી કેમ જાય છે? લાવ ને જોઉં તો ખરો કે ઘરનું માણસ તો ખાઈ નથી જતું?'

વાણિયણને કહ્યું : 'સાંભળ્યું કે? મારે પાંચ સાત દિવસના ગામતરે જવું છે. મને ભાતું કરી આપ.'

વાણિયણ તો રાજીનારેડ થઈ ગઈ. ઝટ ઝટ ભાતું કરી દીધું ને વાણિયાને વળાવ્યો.

વાણિયો તો પોતાના ભાઈબંધને ત્યાં જઈને આખો દિવસ રહ્યો. સાંજે વાણિયણ દહેરે ગઈ ત્યાં વાણિયો છાનોમાનો ઘરમાં પેસી ગયો. અને ઘરની એક મોટી કોઠીમાં સંતાઈને બેઠો.

રાત પડી. વાણિયણનો હરખ ક્યાંઈ માતો ન હતો. તે કહે : 'હાશ! હવે પાંચ દહાડા મીઠું મીઠું ધરાઈને ખાઈશ.'

વાણિયણ પોતાની પાસે સૂવા માટે પાડોશીની એક છોકરીને બોલાવી આવી. એનું નામ હતું ખેતલી.

વાળુ કરી બન્ને જણી સૂતી.

અરધી રાત થઈ ત્યાં વાણિયણ જાગી ખેતલીને કહે :

'ખેતલી ખેતલી !
રાત કેટલી ?'

ખેતલી કહે : 'બા ! હજુ તો બાર જ વાગ્યા છે.'

વાણિયણ કહે : 'મને તો બહુ જ ભૂખ લાગી છે. પેલા ખૂણામાં શેરડીના સાત સાંઠા પડ્યા છે તે લાવ; ખાઈએ.'

પછી વાણિયણે અને ખેતલીએ સાંઠા ધરાઈને ખાધા ને પછી સૂઈ ગઈ.

વાણિયો બેઠો બેઠો કોઠીના કાણામાંથી બધુંય જોતો હતો. તે કહે : 'માળું ! આ તો ભારે લુચ્ચી લાગે છે !'

વળી જ્યાં બે વાગ્યા ત્યાં વાણિયણ ઊઠી ને ખેતલીને કહે :

'ખેતલી ખેતલી !
રાત કેટલી ?'

ખેતલી કહે : 'બા ! હજુ તો બે જ વાગ્યા છે.'

વાણિયણ કહે : 'પણ મને તો બહુ જ ભૂખ લાગી છે. છ સાત સુંવાળી કરી નાખ, તો આપણે નિરાંતે ખાઈએ.'

કોઠીમાં બેઠેલો વાણિયો વળી મનમાં ને મનમાં બબડ્યો. : 'ઓય રાંડ ! આ તો ભારે લુચ્ચી !'

ખેતલીએ તો સુંવાળી કરી. સુંવાળી બંને જણીએ ખાધી ને પાછી સૂઈ ગઈ.

જ્યાં ચાર વાગ્યા ત્યાં વળી પાછી વાણિયણ જાગીને બોલી :

'ખેતલી ખેતલી !
રાત કેટલી ?'

ખેતલી કહે : 'બા ! હજુ તો ચાર જ વાગ્યા છે.'

વાણિયણ કહે : 'બહેન ! મને તો બહુ જ ભૂખ લાગી છે. થોડો શીરો હલાવી નાખ ને ?'

છોડીએ તો થોડોક શીરો કર્યો. અંદર ઘી ખૂબ નાખ્યું હતું.

પછી બન્ને જણીએ શીરો ખાધો ને વળી પાછી સૂઈ ગઈ.

કોઠીમાં બેઠો બેઠો વાણિયો તો દાંત ભીંસવા લાગ્યો.

વળી જ્યાં છ વાગ્યા, ત્યાં વાણિયણ પાછી જાગી, ને કહે :

'ખેતલી ખેતલી !
રાત કેટલી ?'

ખેતલી કહે : 'બા ! છ વાગ્યા છે.'

વાણિયણ કહે : 'હજુ હું તો ભૂખી જ છું. થોડી

ઘાણી ફોડ જોઈએ? આપણે થોડીક ઘાણી ખાઈએ ને પાણી પીએ.'

ખેતલીએ તો ઘાણી ફોડી ને બન્ને જણીએ ખાધી.

કોઠીમાં બેઠેલો વાણિયો મનમાં કહે : 'સવારે વાત છે આ વાણિયણની!'

પછી ખેતલી પોતાને ઘેર ગઈ અને વાણિયણ પાણી ભરવા ગઈ.

પાછળથી વાણિયો કોઠીમાંથી બહાર નીકળી ગામમાં ગયો ને થોડીક વાર પછી પોટકું લઈ પાછો આવ્યો.

વાણિયણ તો ઝાંખી પડી ગઈ. એના મનમાં થયું કે ગમે તેમ હોય પણ વાણિયો વાત જાણી ગયો છે. વાણિયણે પૂછ્યું : 'તમે તો ચાર-પાંચ દિવસને ગામતરે ગયા હતા ને આમ પાછા કેમ આવ્યા?'

વાણિયો કહે : 'મને તો અપશુકન થયા એટલે પાછો આવ્યો.'

વાણિયણ કહે : 'કહો તો ખરા, એવા તે શા અપશુકન થયા?'

વાણિયો કહે : 'રસ્તામાં એક મોટો સાપ આડો ઊતર્યો.'

વાણિયણ કહે : 'હાય હાય! મોટો સાપ તે કેવડો હશે?'



વાણિયો કહે : 'કેવડો તે કેમ? શેરડીના સાત સાંઠા જેવડો !'

વાણિયણ કહે : 'પણ એની ફેણ કેવડી હતી?'

વાણિયો કહે : 'ફેણ તો મોટી બધી સાત સુંવાળી જેવડી હતી.'

વાણિયણ કહે : 'તે ઈ સાપ ચાલતો'તો કેમ કરીને?'

વાણિયો કહે : 'કહું? શીરામાં જેમ ઘી ચાલે તેમ ચાલતો હતો.'

વાણિયણ કહે : 'સાપ ઊડતો'તો કે નહિ?'

વાણિયો કહે : 'હા, હા, તવીમાં જેમ ધાણી ઊડે એમ ઊડતો હતો !'

વાણિયણને ખાતરી થઈ ગઈ કે જરૂર વાણિયો બધી વાત જાણી ગયો છે. પોતે ઢીલી પડી ગઈ ને વાણિયાને પગે પડીને માફી માગવા લાગી.

વાણિયે તેને તે દિવસે જવા દીધી પછી બંને સમજી ગયાં. વાણિયો લોભી મટી ગયો ને વાણિયણ ખાઉકડ મટી ગઈ.

# ઘી ચોર્યું, ઘી ચોર્યું, સ્વાહા

એક હતો ગોર ને એક ગોરાણી. ગોરગોરાણી પૂરેપૂરાં પહોંચેલાં; એકબીજાને માથે ભાંગે એવાં.

ગોરના જજમાનને ત્યાં એક વખત લગન આવ્યાં. ગોરના મનમાં થયું કે લગનમાં દક્ષિણા તો મળશે પણ થોડુંએક ઘી ચોરી લેવાય તો સારું; થોડા દિવસ લાડુલાપશીનું થઈ જાય.

ગોરગોરાણીને કહે : 'અલી. સાંભળ્યું કે? હું જાઉં છું જજમાને ઘેર. કન્યા પરણાવવા. તું મોડેથી ત્યાં આવજે. આ લગનનું ટાણું છે એટલે જજમાનને ત્યાં ઘીની બહોંતાળ છે. થોડુંએક ઘી જો ચોરી લઈએ તો સારું.'

ગોરાણી કહે : 'એ તો સમજી. પણ એટલા બધા માણસો વચ્ચેથી ઘી ઉપાડી જવું શી રીતે?'

ગોર કહે : 'એની તારે શી ફિકર છે? તું તારે હું કહું એમ કરજે. હું જ્યારે પરણાવવા બેસું ત્યારે લાગ જોઈને ઘી કેમ ચોરવું તેનો મંત્ર ભણીશ. મંત્ર પ્રમાણે તું કરજે.'

ગોરાણી કહે 'વાહ, ગોર! તમે તો ચતુર લાગો છો.'

ગોર કહે 'આવાં તો ઘણાં કર્યાં છે.'

ગોર જજમાનને ત્યાં ગયા.

પાછળથી ગોરાણી પણ જજમાનને ત્યાં પહોંચ્યાં લગનનો વખત થયો. ગોર 'શાસતર' ભણવા બેઠા.

ઘરનાં બધાં માંડવામાં આવી બેઠાં ને બૈરાંઓ ગીત ગાવા લાગ્યાં; એમાં ગોરાણી પણ હતાં. પાછળ રસોડામાં કોઈ ન રહ્યું. ગોરે લાગ જોઈને હોમ કરતાં કરતાં મંત્ર ભણ્યો :

'ઘી ચોર્યે, ઘી ચોર્યે, સ્વાહા,
ઘી ચોર્યે, ઘી ચોર્યે, સ્વાહા !'

ગોરાણી સરીને ઊઠયાં ને રસોડામાં ગયાં. પણ ઘી ચોરવાને ઠામ ન હતું તેથી પાછાં માંડવામાં આવ્યાં.

ગોર વિચારમાં પડયા, ત્યાં તો ગોરાણીની ચતુરાઈ ઝળકી. ગોરાણી મોટો રાગ કાઢી સૌને ગવરાવવા લાગ્યાં :--

'ઘીવલડાં ચોર્યાની ઘણી ખંત રે
ઘીવલડા શેમાં ચોરીએ રે !
અમને ઘીવલડાં ચોર્યાની ઘણી ખાંત રે,
ઘીવલડાં શેમાં ચોરીએ રે !'

ગોરે વળી મંતર ભણવા માંડયા :-

'ઘી ચોર્યે, ઘી ચોર્યે સ્વાહા,
કોઠી ઉપર ગાડવો પડયો, સ્વાહા;
ઘી ચોર્યે, ઘી ચોર્યે, સ્વાહા !'

પણ ગાડવો કોરો હતો તેથી ગોરાણીને લાગ્યું

કે ગાડવો બધું ઘી પી જશે. તેથી ગોરાણીએ ફરી ગવરાવ્યું :--

'કોરી તે ગાગર ઘીવલડાં પી જાય રે,
ઘીવલડાં શેમાં ચોરીએ રે !
અમને ઘીવડલાં ચોર્યાની ઘણી ખાંત રે,
ઘીવડલાં શેમાં ચોરીએ રે !'

ગોર મનમાં ખિજાયો. મનમાં તે કહે : 'ગાડવો ઘી પી જશે તો એના બાપનું ક્યાં જવાનું હતું? એ તો જજમાનનું હતું ના ?'

ગોરાણીને સમજાવવા વળી ગોરે મંત્ર ભણ્યો :-

'ઘી ચોર્યે, ઘી ચોર્યે, સ્વાહા,
પી જાય તો તારા બાપાનું
શું જાય સ્વાહા;
ઘી ચોર્યે, ઘી ચોર્યે, સ્વાહા;

પછી ગોરાણી ઘી ચોરીને ઘેર પહોંચી ગયાં. ગોરગોરાણીએ લાપશી કરીને ખાધી. પણ બીજે દિવસે ઝાડાનો પાર ન રહ્યો.

ગોર ગોરાણીને કહે : 'ગોરાણી ! આ હરામનો માલ પચ્યો નહિ !'

## પાંચ પાલીની ખીરની વાર્તા

એક હતો કણબી ને એક હતી કણબણ. કણબી ઘણો જ ભલો હતો પણ કણબણ બહુ જ રાશી હતી.

એક વખત તેને ઘેર મહેમાન આવ્યા. કણબીએ મહેમાનને ઉતારો આપ્યો, માનપાન આપ્યાં ને બેસાર્યા.

ઘરમાં જઈને કણબણને કહ્યું : 'અલી સાંભળ્યું કે? આ મહેમાન આવ્યા છે. તું પાંચ પાલીની ખીર રાંધ, ત્યાં હું હાટેથી જો'તી જણસ લઈ આવું છું.'

કણબી ગામમાં ગયો. કણબણે પાછળથી પોતાનો ભાવ ભજવ્યો.

ચૂલો સંધરૂક્યો ને માથે મોટા તપેલામાં આંધણ મૂક્યું. પછી આડોશીપાડોશીઓને ત્યાંથી ચાર પાલી માગી આવી ને તેમાં પોતાના ઘરની એક પાલી ઉમરી પાંચે પાલીને ખાંડણિયામાં સાંબેલાથી ખાંડવા બેઠી.

મહેમાનો તો આ જોઈ દિંગ જ ગઈ ગયા ! તે તો વિચારમાં પડી ગયા કે આ બાઈ તે ગાંડી કે ડાહી ?

તેમણે હળવેથી બાઈને પૂછ્યું : 'હેં બાઈ ! તમે રાંધતાં નથી, ચીંધતાં નથી ને આ પાલીઓને શું કામ ખાંડો છો ?'

કણબણ કહે : 'ભાઈ ! મારો ઘરવાળો બહુ નખેદ છે. તમને આ પાલીના કટકાની ખીર ખવરાવશે, ને નહિ

ખાઓ તો આ સાંબેલે સાંબેલે મારશે. મહેમાન આવે છે ત્યારે ઈ એમ જ કરે છે. કોણ જાણે કેમ, રોયાને આવી જ ટેવ પડી છે. તમે સાંભળ્યું નો'તું મને ઈ પાંચ પાલીની ખીર કરવાનું કહી ગયા છે તે?'

મહેમાનો મૂંઝાયા. કણબણ કંઈ કામે ઘરમાં ગઈ ત્યાં તો પોટલાં ઉપાડીને મહેમાન રસ્તે પડ્યા. કણબણ કહે : 'હાશ! કાશ ગઈ. એટલા બધાને ખવરાવવું મટ્યું.'

ત્યાં તો ઉતાવળો ઉતાવળો કણબી ઘેર આવ્યો. કણબણને કહે : 'ક્યાં ગયાં પેલા મહેમાન?'

કણબણ કહે : 'હું શું કરું? એ તો રિસાઈને ચાલી નીકળ્યા.'



કણબી કહે : 'પણ એટલું બધું શું થયું કે મહેમાન ચાલ્યા જાય?'

કણબણ કહે : 'આ એમણે મારી પાસે સાંબેલું માગ્યું ને મેં અભાગણીએ ના પાડી. એટલામાં તો એ ઊઠી નીકળ્યા. એમાં મારો શો વાંક?'

કણબી તો હાથમાં સાંબેલું લઈ ને દોડ્યો. ગામ બહાર ગયો ત્યાં આઘે એણે મહેમાનોને ભાળ્યા.

મહેમાનોએ કણબીને સાંબેલું લઈને આવતો જોયો. કણબી સાંબેલું દેવા દોડ્યો એટલે મહેમાનો મારની બીકે ઊલટાના ભાગ્યા. મોઢા આગળ મહેમાનો ને પાછળ કણબી !

કણબી રાડો પાડીને કહે : 'એ ભાઈ! ઊભા રહો. ઊભા રહો. આ સાંબેલું લેતા જાઓ. રિસાઈને શું કામ ભાગી જાઓ છો? તમારે માટે આણ્યું છે.'

મહેમાનો તો જીવ લઈને નાઠેલા. પાછું વળીને જુએ જ શાના?

છેવટે મહેમાનો થાકીને ઊભા રહ્યા. મહેમાન કહે: 'ભાઈ! વગર વાંકે શું કામ અમને મારવા આવ્યો છે?'

કણબી કહે : 'મારવાનું શેનું? તમે મારી ઘરવાળી પાસે સાંબેલું નો'તું માગ્યું? એણે આપવાની ના પાડી એટલે તમે રિસાઈને ચાલ્યા. લ્યો, તમારે સાંબેલું જો'તું હોય તો; કોણ ના પાડે છે? આ એ જ દેવા આવ્યો છું.'

મહેમાન કહે : 'હવે રાખ, રાખ! તારી ઘરવાળીએ મને બરાબર કીધું છે કે જો પાંચ પાલીની ખીર ખાશો નહિ તો આ સાંબેલાના માર પડશે!'

પછી તો વાતનો ભરમ ઉઘાડો પડ્યો. કણબી મહેમાનોને ઘેર લઈ આવ્યો ને તેમને જમાડ્યા. પછી કણબીએ નિરાંતે કણબણને તેના પિયર વળાવી.

# આંખો ટેગઅશી

એક હતો ભાઈ અને એક હતી બહેન. બેઉને નાનાં મૂકીને માબાપ મરી ગયેલાં. ઘરમાં એકે દિવસનું ખાવાનું નહિ એટલે ભાઈબહેન રળી ખાવા બીજે ગામ જવા નીકળ્યાં.

ચાલતાં ચાલતાં એક મોટું એવું શહેર આવ્યું. શહેરની બહાર એક મોટો એવો બાગ હતો. સાંજ પડી ગઈ હતી એટલે ભાઈબહેન એ બાગમાં જ રાત રહ્યાં. રાતમાં ને રાતમાં બહેનની આંખો બહુ જ આવી. બહેન તો ખૂબ રોવા લાગી એટલે ભાઈએ કહ્યું : 'તું અહીં બેસજે. હું શહેરમાં જઈને તારા માટે ચિમેડ લઈ આવું છું. આ બાગની માળણ પાસે આપણે જઈશું એટલે તે તને આંખે ભરણ ભરશે.'

બહેને કહ્યું : 'ઠીક.'

ભાઈ તો વહેલો ઊઠી શહેર તરફ ચાલ્યો.

હવે એ શહેરનો રાજા આગલી રાત્રે જ મરી ગયો હતો. તેને એકે દીકરો નહોતો. તેની પાછળ ગાદીએ કોને બેસારવો તે માટે પ્રધાનોએ વિચાર કર્યો, ને ભેગા થઈ ઠરાવ્યું કે સવારના પહોરમાં શહેરના ગઢનો દરવાજો ઉઘાડતાં જે કોઈ પહેલવેલું સામું મળે તેને ગાદીએ બેસારવું.

સવાર પડી અને સૌ દરવાજો ઉઘાડવા ચાલ્યા. જ્યાં પ્રધાનોએ દરવાજો ઉઘાડ્યો ત્યાં તો પેલો ભાઈ તેમની

નજરે પડયો. સૌએ તેને રાજદરબારમાં આણ્યો ને ગાદીએ બેસાર્યો.

ભાઈ ને તો રાજ્ય મળ્યું એટલે પોતે એટલો બધો ખુશી થઈ ગયો કે બહેનને તો તે છેક ભૂલી જ ગયો. એ તો કામકાજમાં ગુંથાઈ ગયો અને મજા કરવા લાગ્યો.

બહેને તો બાગમાં બેઠાં બેઠાં ભાઈની બહુ જ રાહ જોઈ. બપોર થયા પણ ભાઈ ન આવ્યો; સાંજ પડી પણ ભાઈ ન દેખાયો. એ તો ગભરાઈ ગઈ અને રોવા માંડી.

એટલામાં તો બાગની માળણ ત્યાં આવી. તે કહેવા લાગી : 'તારો ભાઈ તો કોણ જાણે ક્યાં ચાલ્યો ગયો હશે. તું હવે મારી સાથે ચાલ. મારે એકેય દીકરી નથી માટે તું મારી દીકરી થા.'

પછી બહેન રોતી રોતી માળણને ઘેર ગઈ, ને તેની દીકરી થઈને રહી.

બહેને તો ભાઈની તપાસ કરવા માંડી. તપાસ કરતાં કરતાં તેને ખબર મળ્યા કે ભાઈ તો રાજા થઈને બેઠો છે. પોતે કાંઈ બોલી નહિ ને બધી વાત મનમાં સમજી રાખી.

એક વાર રાજા (ભાઈ) શહેર બહાર ફરવા નીકળેલો. તેણે બાગમાં માળણની છોકરીને (પોતાની બહેનને) જોઈ. તે હવે મોટી થઈ હતી એટલે રાજાના મનમાં તેને પરણવાનો વિચાર થયો.

તેણે માળણને બોલાવીને કહ્યું : 'તું મને તારી દીકરી પરણાવ.'

માળણ તો ઘણી ખુશ થઈ. તેણે રાજાને કહ્યું : 'બહું સારું. હું તમને મારી દીકરી પરણાવીશ.'

માળણની દીકરીને તો ખબર હતી કે રાજા પોતાનો સગો ભાઈ છે. તેણે રાજાની સાથે પરણવાની ના કહી પણ તે બિચારીનું માળણે માન્યું નહિ. માળણે તો કહ્યું : 'તારે રાજા સાથે પરણવું જ પડશે.'

પછી લગ્નનો દિવસ નક્કિ થયો ને માયરામાં જ્યારે માળણે બહેનને બેસારી ત્યારે તે સામે રાજાને જોઈ બોલવા લાગી :--

'માયરે બેસશો મા રે, માના દેગમશી,
આપણે એક માનાં પેટ, માના દેગમશી,
આપણે બાગમાં ઊતરિયાં, માના દેગમશી
તમે ચિમેડ લેવા ગ્યા'તા માના દેગમશી.

રાજા (ભાઈ) એ સાંભળ્યું પણ તે કાંઈ સમજ્યો નહિ.

વળી જ્યારે ચોરીએ ચડ્યા ત્યારે ફરી બહેન બોલી :

'ચોરીએ ચડશો મા રે, માના દેગમશી,
આપણે એક માનાં પેટ, માના દેગમશી,
આપણે બાગમાં ઊતરિયાં, માના દેગમશી,
તમે ચિમેડ લેવા ગ્યા'તા માના દેગમશી.

રાજા તો ય કાંઈ સમજ્યો નહિ.

બહેન ત્રીજી વાર બોલી :--



'ચોરીએ ચડશો મા રે, માના દેગમશી,
આપણે એક માનાં પેટ, માના દેગમશી,
આપણે બાગમાં ઊતરિયાં, માના દેગમશી,
તમે ચિમેડ લેવા ગ્યા'તા માના દેગમશી.

રાજાને મનમાં થયું : આ આમ શું કામ બોલે છે?

ત્યાં તો બહેન ચોથી વાર બોલી :--

''ચોરીએ ચડશો મા રે, માના દેગમશી,
આપણે એક માનાં પેટ, માના દેગમશી,
આપણે બાગમાં ઊતરિયાં, માના દેગમશી,
તમે ચિમેડ લેવા ગ્યા'તા માના દેગમશી.

રાજાએ વિચાર્યું : આ મારી બહેન તો ન હોય?

ધારીને જોયું ત્યાં તો બહેન જ!

ભાઈએ બહેનને ઓળખી. તે ભોંઠો પડી ગયો. તેને પસ્તાવો થયો, અને એકાએક બારીએથી કૂદી પડીને મરી ગયો. બહેન પણ ભાઈની પછવાડે બારીએથી પડી મરી ગઈ!

# ગુડાગુડીની વાર્તા

એક હતો રાજા. તેને હતી એક દીકરી. રાજાએ એનાં એક બીજા રાજા સાથે લગ્ન કર્યાં. દીકરીને જ્યારે ખાંડા સાથે સાસરે મોકલી ત્યારે તેની સાથે એક દાસી મોકલી. રસ્તામાં એક નદીકિનારે બપોર થતાં ખાડું ભાતું ખાવા રોકાયું. રાજાની દીકરીને રોજ નાહીને પછી જ જમવાનું નીમ હતું. તેથી તે પોતાની દાસીને લઈને નદીએ નાહવા ગઈ. કપડાં ઉતારી રાજકુમારી નદીમાં નાહવા પડી એટલે દાસી પાછળથી કુંવરીનાં લૂગડાં પહેરી વેલમાં જઈ બેઠી, અને ભાતું ખાવાનું ઉતાવળથી પૂરું કરાવીને વેલડી હંકારી મૂકી.

રાજાની દીકરી જ્યાં નદીમાંથી નાહીને નીકળે છે તો દાસી ન મળે! દાસીએ કાંઠે એક ફાટલું તૂટલું લૂગડું મૂકેલું તે પહેરી બિચારી બહાર આવી. કાંઠે જઈને જુએ છે તો વેલડું અને ખાડું પણ ઊપડી ગયેલાં!

રાજકુંવરી રડતી રડતી, પગે બળતી, ભૂખીતરસી હેરાન થતી સાસરાના ગામમાં જઈ પહોંચી.

ત્યાં જઈને એ તો રાજાના મહેલમાં ચાકરડી તરીકે રહી. પોતાની ચાકરીથી તેણે રાજાને બહુ ખુશી કરી દીધો.

રાજા એક વાર ગામ જવા નીકળ્યો. સૌએ પોતપોતાને માટે જુદી જુદી વસ્તુઓ મંગાવી ત્યારે આ દાસીએ એક 'ગુડો' ને એક 'ગુડી' મંગાવ્યાં.



રાજા પાછો આવ્યો ત્યારે દાસીને માટે 'ગુડો' અને 'ગુડી' લેતો આવ્યો.

હંમેશ રાત પડે એટલે દાસી પોતાની ઓરડીમાં જઈને ગુડાને અને ગુડીને પોતાની સામે બેસારે ને નીચે પ્રમાણે તેમને વાર્તા કહે : 'ગુડાગુડી' તમે સુણતાં?'

ગુડાગુડી કહે : ''જી સા'બ?''

''હું હતી રાજાની દીકરી ને મારાં થયાં લગ્ન. ગુડાગુડી! તમે સુણતાં?''

ગુડોગુડી કહે : ''જી સા'બ!''

''પછી મારા બાપે એક દાસીને મારી સાથે આપી. ગુડાગુડી! તમે સુણતાં?''

ગુડો ગુડી કહે : ''જી સા'બ!''

''રસ્તામાં એક નદી પાસે જાન ભાતું ખાવા બેઠી. ગુડાગુડી! તમે સુણતાં?''

ગુડોગુડી કહે : 'જી સા'બ!''

''મારે નાહીને જ ખાવાનું નીમ હતું, તેથી હું દાસીને લઈને નદીએ નાહવા ગઈ. ગુડાગુડી! તમે સુણતાં?''

ગુડોગુડી કહે: ''જી સા'બ!''

''હું મારાં ઘરેણાંલૂગડાં દાસીને સોંપી નાહવા પડી. ગુડાગુડી! તમે સુણતા?''

ગુડોગુડી કહે: ''જી સા'બ!''

''પછી દાસી રાણી થઈ રાજાને ત્યાં ગઈ, અને હું પાછળ રહી ગઈ. ગુડાગુડી! તમે સુણતાં?''

ગુડોગુડી કહે: ''જી સા'બ!''

''મેં આ વાત શરમમાં ને શરમમાં કોઈ ને કહી નથી. ગુડાગુડી! તમે સુણતાં?''

ગુડોગુડી કહે: ''જી સા'બ!''

આમ દાસી રોજ ગુડાગુડીને પોતાની વાત કહે. એક વાર રાજા દાસીના ઓરડા પાસેથી નીકળ્યો, ને એણે આ વાત સાંભળી. રાજા વાતનો કંઈ ભેદ સમજી ન શક્યો એટલે તેણે દાસીને બોલાવી ખુલાસો પૂછ્યો. દાસીએ સઘળી હકીકત કહી ત્યારે રાજાને ખબર પડી કે ખરી રાણી તો આ જ છે, ને રાણી થઈને બેઠી છે એ તો ખોટી છે!

પછી રાજાએ ખોટી રાણીનાં કાનનાક કાપી અવળે ગધેડે બેસારી કાઢી મૂકી, અને દાસીને પોતાની રાણી કરીને રાખી.



ખાધું, પીધું ને રાજ કર્યું.

# અઘરા શબ્દોના અર્થ

અગ્રે = પહેલાં; ટોચે; મથાળે;

આઘો = દૂર

કોઠાવિદ્યા = અંતરની આવડત

કૉળી = એક હાથમાં સમાય આટલું

ગતીલી = બુદ્ધિશાળી;

ઘોહો = કચરો

ડાંખરું = દુષ્ટ; બભકું

ડિંગળ = ગપ્પા

ઢગો = બળદ

દૂતા = પક્કા; લુચ્ચા

નખેદ = બહુ ખરાબ

નોખું = જુદું

પરબ = તહેવાર

પાંસરું = સીધું.

ફંદ = ઢોંગ; લુચ્ચાઈ.

મહર = દાઢમાં બોલવું તે

રાશી = ખરાબ

રાડાં = જુવારબાજરીના સુકાઈ ગયેલા સાંઠા.

લખ્યા બરું = લખેલાની બહારનું

વદાડ = શરત

વાવડ = સમાચાર

વાહરી જવું = પવન છૂટવો

વિપ્ર = બ્રાહ્મણ

વેંત = ગોઠવણ

સમાના ભણવા = વખત જોઈને તે પ્રમાણે વર્તવું.